**આજનો સુવિચાર**

**આગળ આવવું હોય તો અણગમતાં કામો સૌપ્રથમ કરવાની ટેવ પાડો**

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૨૮ જૂનાગઢ તા.૧૪-૯-૨૦૨૩ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 228, Junagadh : Date : 14 September, 2023, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


## ૧૮ થી ૨૨ સપ્ટેમ્બર સુધી યોજાનારા સંસદનાં વિશેષ સત્રનો એજન્ડા જાહેર : ચાર ખરડા આવશે

### તા.૧૭ સપ્ટેમ્બરે નવા સંસદ ભવન પર રાષ્ટ્ર ધ્વજ ફરકાવવામાં આવશે



નવી દિલ્હી તા.૧૪

કેન્દ્ર સરકારે ૧૮ થી ૨૨ સપ્ટેમ્બર સુધી સંસદનું વિશેષ સત્ર બોલાવ્યું છે. આ દરમિયાન ચાર બિલ સંસદમાં રજૂ કરવામાં આવશે. ૧૩ સપ્ટેમ્બરે રાજ્યસભા દ્વારા જાહેર કરાયેલ સંસદીય બુલેટિનમાં આ માહિતી આપવામાં આવી હતી. સત્રના પહેલા દિવસે એટલે કે ૧૮ સપ્ટેમ્બરે રાજ્યસભામાં ૭૫ વર્ષની સંસદીય યાત્રા, ઉપલબ્ધિઓ, અનુભવો, યાદો પર ચર્ચા થશે. બીજી તરફ, ૧૭ સપ્ટેમ્બરે વડાપ્રધાન નવા સંસદ ભવન પર રાષ્ટ્રધ્વજ ફરકાવશે. આ દિવસે મોદીનો જન્મદિવસ અને વિશ્વકર્મા જયંતિ છે. નવા ભવનમાં હજુ કામ-કાજની શરૂઆત કરવાનું બાકી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ધ્વજ ફરકાવ્યા બાદ જ સંસદમાં કામકાજ શરૂ થશે, કારણ કે દેશના ફ્લેગ કોડ મુજબ કોઈપણ સરકારી ઈમારતને રાષ્ટ્રધ્વજ ફરકાવ્યા પછી જ આ દરજ્જો મળે છે. ચૂંટણી કમિશનરની નિમણૂક સંબંધિત બિલ રજૂ કરવામાં આવશે પોસ્ટ ઓફિસ બિલ ૨૦૨૩ અને મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરોની નિમણૂક સંબંધિત બિલ રાજ્યસભામાં વિશેષ સત્રમાં રજૂ કરવામાં આવશે. આ બંને બિલ રાજ્યસભામાં રજૂ થયા બાદ લોકસભામાં રજુ કરવામાં આવશે.

આ ઉપરાંત એડવોકેટ્સ એમેન્ડમેન્ટ બિલ ૨૦૨૩ અને પ્રેસ એન્ડ રજિસ્ટ્રેશન ઓફ પીરિયોડિકલ બિલ ૨૦૨૩ લોકસભામાં રજૂ કરવામાં આવશે. આ બંને બિલો ચોમાસુ સત્ર દરમિયાન ૩ ઓગસ્ટના રોજ રાજ્યસભા દ્વારા પસાર કરવામાં આવ્યા હતા. આ પછી, તેમને ૪ ઓગસ્ટે લોકસભામાં રજૂ કરવામાં આવ્યા હતા, પરંતુ મણિપુર મુદ્દે વિપક્ષના હોબાળાને કારણે આ બિલો પસાર થઈ શક્યા ન હતા.

## મુંબઈ શેરબજારે નવો ઈતિહાસ રચ્યો : ૬૭૬૦૦નાં આંક સાથે સેન્સેકસ ઓલટાઈમ હાઈ




મુંબઈ તા. ૧૪

શેરબજારે આજે વધુ એકવખત નવો ઈતિહાસ રચ્યો છે. સેન્સેક્સ અને નિફ્ટીએ તેમના જૂના ઓલટાઈમ હાઈ રેકોર્ડને બ્રેક કરતાં નવો વિક્રમ સ્થાપિત કર્યો છે. બોમ્બે સ્ટોક એક્સચેન્જના મુખ્ય ઈન્ડેક્સ સેન્સેક્સમાં ગુરુવારે પણ હરિયાળી છવાઈ છે. ૬૭૬૨૭ના સ્તરે ખૂલ્યું હતું. જોકે નેશનલ સ્ટોક એક્સચેન્જના નિફ્ટીએ ૨૦૧૨૭ના સ્તરથી દિવસના વેપારની શરૂઆત કરી હતી. તેની સાથે જ વેપાર આગળ વધતાં જ સેન્સેક્સ ઓલટાઈમ હાઈ ૬૭૭૭૧.૦૫ના સ્તરને સ્પર્શી ગયું હતું.

શરૂઆતના વેપારમાં સેન્સેક્સ ૨૬૦ પોઈન્ટના ઉછાળા સાથે ૬૭૭૨૭ના લેવલ પર ટ્રેડ થઈ રહ્યું હતું અને તે પછીથી ૬૭૭૭૧.૦૫ના ઓલટાઈમ હાઈના લેવલે પહોંચી ગયું હતું. બીજી બાજુ નિફ્ટીએ ૮૫ પોઈન્ટના ઉછાળા સાથે ૨૦૧૫૫ના લેવલને સ્પર્શ કર્યું હતું. નીફટીએ ૨૦૧૬૭.૬૫ના સર્વોચ્ચ શિખરને સ્પર્શ કર્યું હતું.

## અયોધ્યામાં રામમંદિરનાં નિર્માણ દરમ્યાન પુરાતન અવશેષો મળી આવ્યા



અયોધ્યા,તા.૧૪

અયોધ્યા રામ જન્મભૂમિમાં રામમંદિરનું નિર્માણકાર્ય પુરજોશમાં ચાલી રહ્યું છે ત્યારે ખોદકામ દરમ્યિાન મળી આવેલ લગભગ ત્રણ ડઝનથી વધુ મૂર્તિ, મંદિરના પુરાતન અવશેષ હવે આંતરરાષ્ટ્રીય રામકથા સંગ્રહાલયની શોભા બનશે.

તાજેતરમાં ખોદકામ દરમિયાન બ્લેક સ્ટોનના સ્તંભ, શિવલિંગ તેમજ યક્ષ-યક્ષિણીઓ અને દેવી-દેવતાઓની મૂર્તિઓ મળી આવી છે. આ બધા અવશેષોને શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર તરફથી પરિસરમાંજ ઉચીત સ્થાનના અભાવે શેડનું નિર્માણ કરીને રાખવામાં આવ્યા હતા. હવે આ પુરાવશેષો રામકથા સંગ્રહાલયને હસ્તાંતરણની ઔપચારીકતા પુરી થઈ ગઈ હોવાની ચર્ચા જોરમાં છે. એટલે કે હવે આ પુરાવશેષો રામકથા સંગ્રહાલયમાં ભાવિકો જોઈ શકશે.

## ૧ ઓકટોબરથી ૨૦ ટકા ટીસીએસ લાગશે

નવી દિલ્હી તા. ૧૪ : પહેલી ઓક્ટોબર ૨૦૨૩થી TCS એટલે કે ટેક્સ કલેક્શન એટ સોર્સના નવા રેટ અમલમાં આવી રહ્યા છે. તેના કારણે લોકોએ વિદેશમાં જે કોઈ ખર્ચ થાય તેના પર જંગી ટેક્સ ચુકવવાની તૈયારી રાખવી પડશે. વિદેશપ્રવાસ, ફોરેન એજ્યુકેશન, વિદેશમાં ડેબિટ કાર્ડ કે ક્રેડિટ કાર્ડથી પેમેન્ટ, અન્ય પેમેન્ટ વગેરે એક લિમિટથી વધારે હશે તો ૨૦ ટકા સુધી TCS ચૂકવવાની તૈયારી રાખવી પડશે.

વિદેશમાં તમે મૂડી રોકાણ કરો અથવા વિદેશી શેર કે મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો તેના પર પણ TCS લાગશે. આ માટે વાર્ષિક લિમિટ ૭ લાખ રૂપિયા નક્કી કરવામાં આવી છે. તેનાથી ઉપર જે પેમેન્ટ થાય તે ટીસીએસને આધિન રહેશે. લિબરલાઈઝ્ડ રેમિટન્સ સ્કીમ હેઠળ તમે વિદેશથી એક વર્ષમાં ૨.૫૦ લાખ ડોલર સુધી સ્વદેશ મોકલાવી શકો (રેમિટન્સ કરી શકો) છો. વિદેશમાં મોકલવામાં આવેલી તમામ રકમ માટે ઓક્ટોબરથી ૭ લાખની લિમિટ હશે. આખા વર્ષમાં ૭ લાખ રૂપિયાથી વધારે રકમ મોકલાય તો તેના પર ૨૦ ટકા TCS લાગુ પડશે. તેમાંથી મેડિકલ અને એજ્યુકેશનના હેતુ માટે મોકલાયેલી રકમ બાકાત રાખવામાં આવેલ છે.

### બિહારનાં મુઝફરપુરમાં બનેલી કરૂણાંતિકા :

## ૩૦ બાળકો સાથેની હોડીની જળ સમાધિ : ૧૦ બાળકો લાપત્તા



પટના તા.૧૪

બિહારનાં મુઝફરપુર જીલ્લામાં આજે સવારે બનેલી એક ઘટનામાં બાળકોથી ભરેલી એક હોડીએ જળ સમાધિ લેતા કરૂણાંતિકા સર્જાઈ છે. આ અંગે પ્રાપ્ત વિગત મુજબ મુઝફરપુર નજીક બાગમતી નદીમાં ૩૦ બાળકો સાથે એક હોડી જઈ રહી હતી ત્યારે અચાનક હોડીએ જળસમાધિ લઈ લીધી હતી જેને કારણે હોડીમાંસવાર બાળકો નદીમાં ડુબી ગયા હતા. આ લખાઈ રહયું છે ત્યારે પ્રાપ્ત અહેવાલ મુજબ ૧૨ બાળકોને બચાવી લેવામાં આવ્યા છે જયારે ૧૦ બાળકો લાપત્તા બન્યા છે. બાગમતી નદીમાં બાળકોને શોધવા માટે બચાવ અને રાહત કામગીરી ચાલી રહી છે પરંતુ સુત્રોનાં જણાવ્યા મુજબ હવે લાપત્તા બાળકોનાં જીવિત રહેવાની શકયતા બહુ ઓછી છે. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ભારે હાહાકાર મચી ગયો છે.

## સુરતમાં વિશ્વની સૌથી મોંઘી ગણેશજીની મૂર્તિ : કિંમત રૂા.૫૦૦ કરોડ



નવીદિલ્હી, તા.૧૪: ગણેશ ચતુર્થીનું પર્વ થોડા જ દિવસોમાં શરુ થઈ જશે. હિન્દૂ કેલેન્ડર અનુસાર, ગણેશ ચતુર્થીનો તહેવાર ભાદરવા મહિનાની ચતુર્થીના દિવસે ઉજવવામાં આવે છે. આમ તો ભગવાનની મૂર્તિની કોઈ કિંમત નથી લગાવવામાં આવતી, પરંતુ દરેક વ્યકતિ પોતાની ક્ષમતા અનુસાર મૂર્તિ ખરીદે છે. સામાન્ય રીતે ગણેશજીની મૂર્તિની કિંમત ૫૦૦ કે ૧૦૦૦ રૂપિયાથી શરુ થાય છે. પરંતુ આજે અમે જે મૂર્તિ વિશે વાત કરવા જઈ રહ્યા છીએ, તેની કિંમતનો અંદાજો લગાવવો પણ મુશ્કેલ છે. ભગવાન ગણેશની અત્યારસુધીની સૌથી મોંઘી મૂર્તિ ગુજરાત સુરતના વેપારી રાજેશભાઈ પાંડવ પાસે છે. જેની કિંમત રૂા.૫૦૦ કરોડ આંકવામાં આવે છે.

## ખાંડનાં ઉત્પાદનમાં ૧૪ ટકાનો ઘટાડો : સરકારનું ટેન્શન વધશે

મુંબઈ તા. ૧૪

આગામી મહિનાઓમાં મોંઘવારી ઘટવાના બદલે વધુ વધી શકે છે. પાક વર્ષ ૨૦૨૩-૨૪માં શેરડીના ઉત્પાદનમાં ઘટાડો થઈ શકે છે, જે ખાંડના ઉત્પાદનને અસર કરી શકે છે. આવી સ્થિતિમાં ખાંડના ભાવ વધી શકે છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે દેશના ટોચના શેરડી ઉત્પાદક રાજ્ય મહારાષ્ટ્રમાં ઓગસ્ટ મહિનામાં સરેરાશ કરતા ઘણો ઓછો વરસાદ થયો છે. આવી સ્થિતિમાં, એવી આશંકા છે કે વર્ષ ૨૦૨૩-૨૪માં ખાંડનું ઉત્પાદન ૧૪% ઘટી શકે છે, જે ચાર વર્ષમાં સૌથી નીચા સ્તરે પહોંચી જશે. નિષ્ણાતો કહે છે કે હાલમાં સરકારી સ્ટોર્સમાં ખાંડનો પૂરતો સ્ટોક છે. તેનાથી છૂટક બજારમાં કિંમતો પર એટલી અસર નહીં થાય. જોકે, ભારતમાં ખાંડના ઉત્પાદન પર અસરને કારણે વૈશ્વિક બજારમાં ખાંડ મોંઘી થશે.

જો પાક વર્ષ ૨૦૨૩-૨૪માં ખાંડનું ઉત્પાદન ઘટશે તો ફુગાવો વધી શકે છે. આવી સ્થિતિમાં કેન્દ્ર સરકાર મોંઘવારી પર કાબૂ મેળવવા માટે ખાંડની નિકાસ પર પ્રતિબંધ પણ મૂકી શકે છે. તેનાથી વૈશ્વિક બજારમાં ખાંડની કિંમતમાં વધારો થશે.

## કેરળમાં નિપાહ વાયરસનાં પાંચ કેસ નોંધાયા : ૭૭ લોકો હાઈરિસ્ક કેટેગરીમાં

થિરૂવનંતપુરમ તા. ૧૪

કેરળમાં નિપાહ વાયરસથી પીડિત દર્દીઓની સંખ્યામાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. વધુ એક દર્દી વધી જતાં સ્વાસ્થ્ય વિભાગની ચિંતા વધી ગઈ છે. રાજ્યમાં હવે દર્દીઓની સંખ્યા વધીને પાંચ થઈ ગઈ છે. રાજ્યના સ્વાસ્થ્ય મંત્રી વિણા જ્યોર્જે જણાવ્યું કે ઈન્ફેક્શન ફેલાતો રોકવા રાજ્ય સરકારે કન્ટેનમેન્ટ ઝોન જાહેર કર્યા છે. આશરે ૭૦૦ લોકોની યાદી બનાવાઈ હતી જેઓ દર્દીના સંપર્કમાં આવ્યા હતા. તેમાંથી ૭૭ લોકોની ઓળખ કરાઈ છે જેમને હાઈ રિસ્ક કેટેગરીમાં રખાયા છે.

માહિતી અનુસાર રાજ્યમાં બે દર્દીઓ નિપાળ વાયરસના ચેપને કારણે મૃત્યુ પામી ચૂક્યા છે. સ્વાસ્થ્ય મંત્રીએ એવી પણ આશંકા વ્યક્ત કરી હતી કે સમગ્ર રાજ્યમાં ઈન્ફેક્શન ફેલાવવાનું જોખમ છે.

## પાકિસ્તાનમાં ૬ નવેમ્બરે ચૂંટણી યોજાશે

નવી દિલ્હી, તા.૧૪: પાકિસ્તાનમાં છેલ્લા એક વર્ષથી વધુ સમયથી રાજકીય ઉથલપાથલ ચાલી રહી છે. ગત વર્ષે એપ્રિલમાં ઈમરાન ખાને પીએમ પદ પરથી રાજીનામું આપ્યાના થોડા સમય બાદ શાહબાઝ શરીફને દેશના પીએમ બનાવવામાં આવ્યા હતા. ગત વર્ષે, પાકિસ્તાન સરકારનો કાર્યકાળ પૂરો થાય તે પહેલાં જ, શાહબાઝે સંસદ ભંગ કરીને રાજીનામું આપી દીધું હતું. હાલમાં અનવર ઉલ હક કાકર પાકિસ્તાનના કાર્યવાહક પીએમ છે. જો કે, આ બધું હોવા છતાં, પાકિસ્તાનમાં રાજકીય ઉથલપાથલ હજુ અટકી નથી. આ રાજકીય ગરબડને રોકવાનો એક જ રસ્તો છે અને તે છે ચૂંટણી. પાકિસ્તાનમાં એક વર્ષથી વધુ સમયથી ચૂંટણીની માંગ કરવામાં આવી રહી છે અને ચૂંટણીની તારીખ પણ જાહેર કરવામાં આવી છે.

પાકિસ્તાનના રાષ્ટ્રપતિ આરિફ અલ્વીએ દેશમાં આગામી ચૂંટણીની તારીખની જાહેરાત કરી છે. પાકિસ્તાનમાં આ વર્ષે ૬ નવેમ્બરે ચૂંટણી યોજાશે. તેના માટે અલ્વીએ પાકિસ્તાનના ચૂંટણી પંચને પત્ર પણ લખ્યો છે. આવી સ્થિતિમાં પાકિસ્તાનમાં રાજકીય યુદ્ધની તારીખ જાહેર કરવામાં આવી છે અને રાજકીય શતરંજ પણ બિછાવી દેવામાં આવ્યો છે.

## અમેરીકામાં ભારતીય વિદ્યાર્થીનીનાં મોત મામલે ભારતનું કડક વલણ : તપાસની માંગણી

વોશીંગ્ટન તા. ૧૪

ભારતીય વિદ્યાર્થીની જહાન્વી કંડુલાના મોતની મજાક ઉડાવનાર અમેરિકન પોલીસ સામે ભારતે કડક વલણ અપનાવ્યું છે. આ મામલે ભારતે અમેરિકા પાસે સંપૂર્ણ તપાસની માગ કરી છે. ૨૩ વર્ષીય ભારતીય વિદ્યાર્થિનીને પુરપાટ ઝડપે આવી રહેલી પોલીસની કારે જોરદાર ટક્કર મારી હતી, આ બાદ બોડીકેમનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે જેમાં એક પોલીસકર્મી આ વિદ્યાર્થીનીના મોત પર હસતો જોવા મળી રહ્યો છે.

આ ઘટના જાન્યુઆરીની છે જ્યારે ૨૩ વર્ષીય જહાન્વી કુંડલા રસ્તો પાર કરી રહી હતી ત્યારે પોલીસની કારે ટક્કર મારી હતી. આ સમયે ઓફિસર કેવિન ડેવ કાર ચાલવી રહ્યા હતા અને કારની સ્પીડ ૧૨૦ પ્રતિ કલાકની હતી. અમેરિકાના સિએટલમાં નોર્થઈસ્ર્ટન યુનિવર્સિટીમાં કંડુલા માસ્ટર્સનો અભ્યાસ કરી રહી હતી. હાલમાં જ પોલીસના તરફથી જાહેર કરાયેલા એક વીડિયો ફુટેજમાં અન્ય એક પોલીસકર્મી આ ઘટનાની મજાક ઉડાવતો જોવા મળી રહ્યો છે.

સાન ફ્રાન્સિકોમાં ભારતના કોન્સ્યુલેટ જનરલે આ માર્ગ અકસ્માતમાં કુંડલાના મૃત્યુ પર જે રીતે વ્યવહાર કરવામાં આવ્યો તેને ખુબ જ પરેશાન કરનાર ગણાવ્યુ હતું. તેમણે સોશ્યલ મીડિયા (ટ્વિટર)પર લખ્યું હતું કે આ દુઃખદ મામલાને અમે સિએટલ અને વોશિંગ્ટન સ્ટેટના સ્થાનિક અધિકારીઓ તેમજ વોશિંગ્ટન ડીસીના વરિષ્ઠ અધિકારીઓ સાથે સંડોવાયેલા લોકો સામે સંપૂર્ણ તપાસ અને કાર્યવાહી માટે ભારપૂર્વક ઉઠાવ્યો છે.

## ઈડી, સીબીઆઈ, એનસીબીની કાર્યવાહી પર નજર રખાશે

નવી દિલ્હી, તા.૧૪: ભારત સરકાર એક ચીફ ઈન્વેસ્ટીગેશન ઓફીસરની પોસ્ટ ઉભી કરવાના પ્રયાસમાં છે. સૂચિત સીઆઈઓ એન્ફોર્સમેન્ટ ડીરેકટરેટ (ઈડી), સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશન, નાર્કોટીકસ કંટ્રોલ બ્યુરો અને નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી પર નજર રાખશે. ઈડીના વર્તમાન ડાયરેકટર સંજય કુમાર મિશ્રા જેમનો કાર્યકાળ ૧૫ સપ્ટેમ્બર સુધી લંબાવાયો છે, તે આ પદ માટેના મુખ્ય ઉમેદવાર છે. જો કે ગુજરાતના અધિકારીઓ સહિત અન્ય કેટલાક ઉમેદવારો પણ આ રેસમાં છે. સીઆઈઓના પદની જાહેરાત નવેમ્બર સુધીમાં થઈ શકે છે.

## સ્ટ્રોંગ વેધર સીસ્ટમ ગુજરાત નજીક આવવાની સંભાવના

નવી દિલ્હી તા. ૧૪

સ્ટ્રોંગ વેધર સિસ્ટમ્સ ટૂંક સમયમાં જ ગુજરાતની નજીક આવવાની પૂરી સંભાવના છે. સોમવાર ૧૭ સપ્ટેમ્બરથી મુખ્યત્વે દક્ષિણ, મધ્ય, પૂર્વ ગુજરાતને અસર કરશે.

બીબીસી વેધરના સોમવારથી હવામાન દર્શાવતા મેપ મુજબ ઉપરોક્ત વિસ્તારોમાં ૧૭ થી ૨૦ સપ્ટેમ્બર ભારે વરસાદની અપેક્ષા છે. સૌરાષ્ટ્ર કચ્છ અને ઉત્તર ગુજરાતમાં પ્રમાણમાં ઓછી અસર રહેશે. આ સમયમાં દક્ષિણ ગુજરાત તરફનો સમુદ્ર તોફાની બનવાનો સંભવ છે.


ઈમરજન્સી એટલે વોકહાર્ટ



રાજેશભાઈ પક્ષઘાત (લકવો) માં સમયસર
વોકહાર્ટ સ્ટ્રોક રેડી સેંટર
પહોંચી જતા શરીરના કોઈપણ અંગમાં ક્ષતિ ન રહી.

વધુ માહિતી માટે :
95861 44344
WOCKHARDT HOSPITALS | LIFE WINS

**મકાન વેચવાનું છે**

જૂનાગઢના ભરચક વિસ્તાર દાણાપીઠમાં વાદી ખડકીમાં ૧૧૦ વારનું, ત્રણ માળનું, ૯ રૂમ વાળુ, તમામ ફેસેલીટી વાળુ, કિંમત રૂા. ૩૫ લાખ તદ્દન વ્યાજબી ભાવમાં વેચવાનું છે.
ફોન કરવાનો સમય
સવારે ૧૦ થી ૧, સાંજે ૫ થી ૮

મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨, ૭૯૮૪૮ ૦૫૭૯૧

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી**

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે

ફાયદા :

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટે છે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફક્ત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાય છે..

નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે

:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ

૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે


આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી

સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
જૂનાગઢ

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત.. ઓપરેશનો મફત
● પીએમજય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

**હરિ-કલા+ યુરોસર્જીકલ હોસ્પિટલ**

**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીક્સના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ
૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ: હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો





સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...


C M Y K

# યાત્રાધામ પ્રાચી તીર્થ ખાતે ભાદરવી અમાસ નિમિત્તે મોક્ષ પીપળે પાણી રેડવા માનવ મહેરામણ છલકાયો





## મધરાત્રીથી જ પિતૃનો થયો પ્રારંભ : મોક્ષ પીપળે પાણી રેડવા, સરસ્વતી નદીમાં સ્નાન કરવા ભારે ઘસારો

(પ્રતિનિધિ દ્વારા)

પ્રાચી તીર્થ તા.૧૪

સુપ્રસિદ્ધ યાત્રાધામ પ્રાચી તીર્થ ખાતે આજે ભાદરવી અમાસ દિવસે મોક્ષ પીપળે પાણી રેડવા, પૂજા-અર્ચના, સરસ્વતી નદીમાં સ્નાન કરવા મધરાત્રીથી જ પ્રારંભ થયો હતો. આ દિવસે પિતૃઓને પીપળે પાણી રેડવાનું અનેરૂ મહત્વ છે. શ્રાવણ માસનો છેલ્લો દિવસ એટલે કે શ્રાવણી અમાસ નિમિત્તે મોક્ષ પીપળે પાણી રેડવા માનવ મહેરામણ ઉમટયો અને મધરાત્રિથી જ પિતૃનો પ્રારંભ થયો હતો. જેમ જેમ રાત વીતતા જ તેમ તેમ શ્રદ્ધાળુ આવા માડ્યા હતા. સૌ પ્રથમ પૂર્વવાહીની સરસ્વતી નદીમાં સ્નાન કરી મોક્ષ પીપળે ઓમ સર્વે પિતૃભયોનમઃ બોલી પિતૃઓના આત્માને શાંતિ માટે પોત પોતાના પિતૃઓનું નામ લઈને મોક્ષ પીપળે પાણી રેડી પિતૃઓને આત્માને શાંતિ માટે ૧૦૮ પ્રદિક્ષણા ફરીને પુણ્યનું ભાથું બાંધે છે અમાસ હોવાથી તીર્થ સ્થાનનું પણ અનેરૂ મહત્વ હોય છે. આથી આ દિવસે તથા પૂનમનું શ્રાધ પણ કરાય છે. આ દિવસે દાનનું પણ અનેરૂ મહત્વ રહ્યું છે. જેનુંઅનેક ઘણું ફળ મળે છે. આ દિવસે મહાદેવને દૂધ કાળા તલ અને સાકર મિકસ કરીને ચડાવવાથી ગ્રહ પીડા દૂર થાય છે. પિતૃદોષનિવારણ માટે ઉત્તમ દિવસ ગણાય છે. અમાસના પાવન દિવસે અહીં સરસ્વતી ઘાટ ઉપર માનવ કીડીયાળુ ઉમટી પડે છે. જેમાં સૌરાષ્ટ્રભરમાંથી અમાસના દિવસે યાત્રાળુઓ મોટી સંખ્યામાં અહીં પ્રાચી તીર્થની પૂર્વ વાહિની સરસ્વતી નદીના કુંડમાં સ્નાન કરી મોક્ષ પીપળે પાણી રેડી પોતાના પિતૃઓના મોક્ષ માટે પાણી રેડી યથાશક્તિ દાન - દક્ષિણા બ્રાહ્મણોના આપી સરસ્વતી નદીમાં બિરાજતા શ્રી માધવરાયજી પ્રભુના દર્શન કરી સરસ્વતી નદીના તટ ઉપર બિરાજતા શિવ મંદિરોમાં પણ પોતાની શ્રદ્ધાપૂર્વક પૂજા-અર્ચના કરી ધન્યતા અનુભવી પુણ્યનું ભાથુંબાંધે છે. લોકમેળામાં ભારે માત્રામાં સ્વયંભૂ યાત્રાળુઓ મોટી સંખ્યામાં ઉમટી પડે છે. ભાવ ભક્તિ કરતા ભજનના ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવી પોતાની ધન્યતા અનુભવે છે. ભારતભરમાંથી આ લોકમેળામાં અમાસના દિવસે સો વાર કાશી એક વાર પ્રાચી હજારો યાત્રાળુઓ આવતા હોય છે. ઠેરઠેર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે અને રોડ ઉપર ટ્રાફિક જામ જોવા મળે છે. જેમાં સુત્રાપાડા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. વાઘેલા તથા તેમના સ્ટાફ દ્વારા સુરક્ષાને લઈને સુંદર વ્યવસ્થા ગોઠવી સુંદર કામગીરી કરવામાં આવી હતી. આજે અહીં આશરે એક લાખથી વધુ ભાવિકોએ સરસ્વતી નદીમાં સ્નાન કરીને મોક્ષ પીપળે પાણી રેડી પુણ્યનું ભાથું બાંધ્યું હતું. પ્રાચીતિર્થમાં પિતૃઓના આત્માની શાંતિ માટે નારાયણ બલી, પ્રેતબલી, લીલ, નાગબલી, પિતૃ તર્પણ તેમજ કોઈ પણપ્રકારના પિતૃશ્રાદ્ધ કરાવવા માટે તેમજ ગ્રહશાંતિ, નક્ષત્ર શાંતિ, ગ્રહ જાપ, લઘુરૂદ્ર, નવચંડી યજ્ઞ, કાલ સર્પયોગ શાંતિ, ગૃહ વાસ્તુ વગેરે વિધિ કરવામાં આવે છે. આજના દિવસ નિમિત્તે ભારતભરમાંથી મોટી સંખ્યામાં યાત્રાળુ પાણી રેડવા તથા પિતૃ તર્પણ માટે માનવ મહેરામણ ઉમટ્યો હતો.

# ગીર સોમનાથ જીલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતો પ્રમુખ-ઉપપ્રમુખની યોજાયેલી ચુંટણીમાં ભાજપનો દબદબો યથાવત

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૪

ગીર સોમનાથ જીલ્લા પંચાયત તેમજ જીલ્લામાં આવેલ છ તાલુકા પંચાયતના પ્રમુખ તથા ઉપપ્રમુખના પદ માટે યોજાયેલી ચૂંટણીમાં તમામ સીટો પર ભાજપનો દબદબો યથાવત રહેલ છે અને નવનિયુક્ત પદાધિકારીઓને જીલ્લા ભાજપ પ્રમુખ, મહામંત્રી સહીતના આગેવાનો દ્વારા આવકારેલ છે.



ગીર સોમનાથ જીલ્લા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખની અઢી વર્ષની ટર્મ પૂર્ણ થતા નવા પદાધિકારીઓ માટે ચુંટણી જાહેર થયેલ જેમાં જીલ્લા કલેકટર આર.જી. વઢવાણીયાના અધ્યક્ષ સ્થાને કાર્યવાહી યોજાયેલી જેમાં જીલ્લા પંચાયતમાં મંજુલાબેન મુછાળ પ્રમુખ પદે જ્યારે ઉપપ્રમુખ પદે રાજવીરસિંહ ઝાલાની બિનહરીફ વરણી થયેલ છે.

આ ઉપરાંત જીલ્લામાં આવેલી છ તાલુકા પંચાયતના પ્રમુખ તથા ઉપપ્રમુખ પદ માટે યોજાયેલી ચૂંટણીમાં તમામ પર ભાજપની સત્તા રહેલ છે જેમાં (૧) કોડીનાર તાલુકા પંચાયતમાં પ્રમુખ દીપસિંહભાઈ બારડ તથા ઉપપ્રમુખ વિશાલભાઈ ગાધે (૨) તાલાલા તાલુકા પંચાયતમાં પ્રમુખ અનિલાબેન ગોવિંદભાઈ બારડ તથા ઉપપ્રમુખ મોતીબેન ભરડા (૩) ઉના તાલુકા પંચાયતમાં પ્રમુખ એભાભાઈ મકવાણા તથા ઉપપ્રમુખ પુનુબા ગોહિલ (૪) વેરાવલ તાલુકા પંચાયતમાં પ્રમુખ જયાબેન ઝાલા તથા ઉપપ્રમુખ જમનાબેન ભરતભાઈ બાકુ (૫) સુત્રાપાડા તાલુકા પંચાયતમાં પ્રમુખ ભીખાભાઈ વાજા તથા ઉપપ્રમુખ રમેશભાઈ બારૈયા અને (૬) ગીરગઢડા તાલુકા પંચાયતમાં પ્રમુખ ભગવતીબેન સાખટ તથા ઉપપ્રમુખ દિવાળીબેન કિવેચા જાહેર થયેલ છે. આ તમામ નવનિયુક્ત પદાધિકારીઓને જીલ્લા ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પીઠીયા, મહામંત્રી દિલીપભાઈ બારડ સહિતના આગેવાનો દ્વારા આવકારેલ હોવાનુંએકયાદીમાં જણાવેલછે.

### પ્રદેશ ભાજપ અધ્યક્ષ પાટીલના સીધા માર્ગદર્શન હેઠળ

# દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતના હોદ્દેદારો બિન હરીફ થયા : સાંસદ પૂનમબેન માડમને મોટી સફળતા




(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૪

દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયત તથા ખંભાળિયા તાલુકા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખના હોદ્દેદારોની યોજનારી ચૂંટણીઓમાં બંને મહત્વના હોદ્દાઓ બિનહરીફ કરવા તથા ભાજપનું શાસન બરકરાર રાખવામાં હાલારના સાંસદ પૂનમબેન માડમને ઐતિહાસિક સફળતા મળી છે. જે ખૂબ જ પ્રશંસા પાત્ર બની રહી છે. દેવભૂમિદ્વારકા જિલ્લાપંચાયત તથા ખંભાળિયા તાલુકા પંચાયતના પ્રમુખ તથા ઉપપ્રમુખના મહત્વના હોદ્દેદારો બિનહરીફ થાય સાથે સાથે ભારતીય જનતા પાર્ટી દ્વારા સ્થાનિકસ્વરાજ્યની સંસ્થાઓમાં શાસન જારી રાખવામાં આવે તે માટે ગુજરાત ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલના સીધા માર્ગદર્શન હેઠળ જામનગર અને દેવભૂમિદ્વારકા જિલ્લાના સાંસદ પૂનમબેન માડમ દ્વારા ખાસ કામગીરી હાથ ધરી અને ફોર્મ ભરવાના દિવસે સાંસદ તથા જિલ્લા પંચાયતમાં ચૂંટાયેલા ભાજપના તમામ ૧૨ સદસ્યો સાથેની મીટીંગ તથા સંકલન કરવામાં આવ્યું હતું. જેમાં ફોર્મ ભરવા આવેલા કોંગ્રેસી અગ્રણીઓ સાથે ખેલદીલીપૂર્વકની નિખાલસ ચર્ચા તથા જિલ્લા પંચાયતમાં કુલ ૨૨ માંથી ૧૨ સભ્યો સાથે ભાજપની સ્પષ્ટ બહુમતી હોવાની બાબત સાથે કોંગ્રેસનો એક પણ ઉમેદવાર પ્રમુખ કે ઉપપ્રમુખના પદ માટે દાવેદારી ન નોંધાવતા દેવભૂમિદ્વારકા જિલ્લાપંચાયત પ્રથમ વખત ઐતિહાસિક રીતે બિનહરીફ બની છે. અને રેકોર્ડ રૂપ ભાજપે બાકીના અઢી વર્ષ માટે પણ જિલ્લા પંચાયતનું સુકાન કબજે કર્યું છે. આ ઉપરાંત ખંભાળિયા તાલુકા પંચાયતમાં પણ બહુમતી સભ્યોને સાથે રાખીને ખાસ મીટીંગો યોજી, સાંસદ પૂનમબેન માડમ દ્વારા કુનેહપૂર્વકનું સંકલન કરતા ખંભાળિયા તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખ પણ બિનહરીફ થયા છે અને ભાજપનું શાસન જારી રહ્યું છે. દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતની ઐતિહાસિક જીત તથા ખંભાળિયા તાલુકા પંચાયતમાં બિનહરીફ કબજો મેળવવા માટે સાંસદ પૂનમબેન માડમનું સી.આર. પાટીલના માર્ગદર્શન હેઠળ કુનેહપૂર્વકનું કાર્ય રાજકીય દષ્ટિએ ખૂબ જ મહત્વનુંબની રહ્યું છે.

### કારીગરોની કુશળતાને પ્રવર્તમાન સમયની માંગ અનુસાર આધુનિકતાનો ઓપ મળી રહે તેવા ઉદેશ્ય સાથે

# “પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના”નો ૧૭ સપ્ટેમ્બરથી શુભારંભ : જુદા-જુદા ૧૮ વર્ગના કારીગરો માટે કૌશલ્ય તાલીમ, લોન સહાય તેમજ માર્કેટિંગ સપોર્ટ સાથે ઉચ્ચ રોજગારીના દ્વાર ખુલશે

## પાંચ વર્ષમાં દેશભરના ૩૦ લાખ જેટલા કારીગરોને મળનારો લાભ

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૪

દેશમાં પરંપરાગત વ્યવસાય સાથે લાખો લોકો સંકળાયેલા છે. આ કારીગરોની કુશળતાને પ્રવર્તમાન સમયની માંગ અનુસાર આધુનિકતાનો ઓપ મળી રહે અને તેઓ કુશળ વ્યવસાયકાર તરીકે ઉભરી આવે તે માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળ ‘‘પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના’’ શરુ થવા જઈ રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે આગામી તા. ૧૭ સપ્ટેમ્બરથી શરૂ થવા જઈ રહેલી પી.એમ. વિશ્વકર્મા યોજના થકી જુદાજુદા ૧૮ ક્ષેત્રમાં કુશળ કારીગરો તૈયાર કરવાના મહાઅભિયાનનો પ્રારંભ થશે. આગામી પાંચ વર્ષમાં દરજી, ધોબી, સુથાર, લુહાર, કડિયા, ક્ષૌરકર્મ સહીત વિવિધ ક્ષેત્રના ૩૦ લાખ જેટલા કારીગરોને પ્રાથમિક તેમજ એડવાન્સ ટ્રેઈનિંગ, ટૂલ કિટ સહાય તેમજ રોજગાર અર્થે લોન અને માર્કેટિંગ સપોર્ટ પૂરો પાડવા સહિતની આ યોજના કારીગરો માટે રોજગારીના નવા દ્વારા ખોલશે. આ યોજના અંગે એમ.એસ.એમ.ઈ. રાજકોટ સર્કલના અધિકારીના જણાવ્યા મુજબ આ યોજના અંતર્ગત કારીગરોને રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ તેઓનું વેરીફીકેશન થશે. અનેસ્કીલ મુજબ સૌપ્રથમ બેઝિક ટ્રેનિંગ આપવામાં આવશે. ત્યારબાદ તેઓને રૂા. ૧૫ હજારની ટૂલકિટ સહાય આપવામાં આવશે. બેઝિક ટ્રેનિંગ મેળવ્યા બાદ તેઓને એક લાખની લોન મળવાપાત્ર રહેશે.

આ લોનની અવધિ ૧૮ માસ રહેશે. ત્યાર બાદ તેઓને એડવાન્સ ટ્રેનિંગ પુરી પાડવામાં આવશે જેમાં રોજના તેઓને રૂા. ૨૫૦૦ સ્ટાઈપેન્ડ આપવામાં આવશે. એડવાન્સ ટ્રેનિંગ બાદ ૩૦ મહિનાના સમયગાળાની રૂા.૨ લાખની લોન વ્યવસાય અર્થે આપવામાં આવશે. બ્રાન્ડિંગ, જેમ પ્લેટફોર્મ તેમજ ઈ-કોમર્સ માર્કેટિંગ માટે પ્લેટફોર્મ પૂરૂ પાડવામાં આવશે. આ યોજનામાં સહભાગી થવા પી.એમ. વિશ્વકર્મા પોર્ટલ ઉપર રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. રજીસ્ટ્રેશન દ્વારા માહિતીની જુદા-જુદા સ્તરે ખરાઈ કરવામાં આવશે. રાષ્ટ્રીય, રાજ્ય તેમજ જિલ્લા કક્ષાએ કુશળ કારીગરો તૈયાર કરી આપતી યોજના કૌશલ્ય વિકાસ અને ઉદ્યમશીલતા મંત્રાલય, સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય તેમજ નાણા મંત્રાલયના સહયોગથી સાકાર પામશે. આ યોજના થકી દેશના ૩૦ લાખ જેટલા કારીગરો પોતાના ઉત્કર્ષ સાથે વિકાસને નવી ઊંચાઈએ પહોચાડશે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયત પ્રથમ વખત સતત પાંચ વર્ષ ભાજપના કબજામાં : રેકોર્ડ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૪





જામનગર જિલ્લામાંથી દેવભૂમિ દ્વારકા જિલ્લો અલગ થયાને આશરે તેર વર્ષ જેટલો સમય વીતી ચૂક્યો છે. ત્યારે અલગ અસ્તિત્વમાં આવેલી દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતમાં પ્રારંભથી જ કાવાદાવા તેમજ રાજકીય યુદ્ધનો માહોલ જોવા મળ્યો હતો. પરંતુ આ ટર્મમાં દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયત સતત પાંચ વર્ષ ભાજપના કબજામાં રહેશે. દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતમાં પ્રથમ પ્રમુખ તરીકે ચંદ્રસિંહ પબુભા માણેક બન્યા હતા. તે પછી સતત બે વખત કોંગ્રેસનું શાસન રહ્યું હતું. એક વખત કોંગ્રેસ દ્વારા ભાજપના સદસ્યને પ્રમુખ પદ આપીને શાસન કબજે કરવામાં આવ્યું હતું. આ પછીના અઢી વર્ષ માટે તત્કાલીન પ્રમુખ રાજીબેન મોરી પ્રમુખ બન્યા હતા. જયારે આગામી અઢી વર્ષ માટે હાલ બહુમતી ભાજપના ૧૨ સભ્યો માટે આઠ સભ્યો પ્રમુખના દાવેદાર હતા. અગાઉની ટર્મમાં પ્રમુખ કોંગ્રેસના અને ઉપપ્રમુખ ભાજપના પણ રહી ચૂક્યા હતા. તો એક વખત ભાજપ-કોંગ્રેસના સરખા મતો થતા જે-તે સમયે કોંગ્રેસના પ્રમુખ ચિઠ્ઠીથી વિજેતા થયા હતા. આ વચ્ચે આજથી આશરે પાંચેક દિવસ પૂર્વે કોંગ્રેસના ૧૦ સભ્યો સહેલગાહ પ્રવાસે નીકળી ગયા હતા. જેનો ખર્ચ ભાજપના જિલ્લા પંચાયતના એક સદસ્ય દ્વારા આપવામાં આવ્યું હોવાનું કહેવાય છે. અને સોદો થાય તો એક સભ્ય ગેરહાજર રહે તેવી ગોઠવણ પણ ચર્ચાતી હતી. જે વચ્ચે દેવભૂમિ દ્વારકા તથા જામનગર જિલ્લા સાંસદ પૂનમબેન માડમે ખાસ વ્યૂહ રચના રચી અને કોંગ્રેસના પ્રમુખ માટેનું ફોર્મ ભરનાર કોંગ્રેસના સદસ્યા વેજીબેન એભાભાઈ કરમુરએ મંગળવારે ફોર્મ પરત ખેંચી લેતા હવે આગામી અઢી વર્ષ માટે જિલ્લા સાંસદ પૂનમબેન માડમના વડપણ હેઠળ ભાજપને વધુ એક વખત પ્રમુખ પદ સાથેનું શાસન પ્રાપ્ત થયું છે. આ માટે અહીંના પીઢ રાજકારણી અને ક્ષત્રિય આગેવાની પી.એસ. જાડેજા દ્વારા નોંધપાત્ર જહેમત ઉઠાવવામાં આવી હતી. હાલ પી.એસ. જાડેજા જામનગર ડિસ્ટ્રિક્ટ કોપરેટીવ બેંકના ચેરમેન, માર્કેટિંગયાર્ડના ચેરમેનના પતિ તેમજ જિલ્લા પંચાયતના ઈન્ચાર્જ પ્રમુખ તથા ઉપપ્રમુખ રહી ચૂક્યા છે. જિલ્લા પંચાયતના આગામી પ્રમુખ રિધ્ધિબા જાડેજાના તેઓ સસરા થાય છે. આગામી અઢી વર્ષ માટે પ્રમુખ તરીકે રીધ્ધીબા શક્તિસિંહ જાડેજા તથા ઉપપ્રમુખ તરીકે અનિલ ભરતભાઈ ચાવડા તેમજ કારોબારી ચેરમેન તરીકે પૂર્વ ધારાસભ્યના પુત્ર જીતેન્દ્રભાઈ મેઘજીભાઈ કણજારીયાની વિધિવત રીતે જાહેરાત કરવામાં આવી છે.

# એયુ સ્મોલ ફાઈનાન્સ બેંકે CASA અને ડેબિટ કાર્ડ ગ્રાહકો માટે રિવાર્ડ પોઈન્ટ પ્રોગ્રામ શરૂ કર્યો

## ગ્રાહકોને ટ્રાન્ઝેક્શન પર રિવાર્ડ પોઈન્ટ્સ મેળવવાની અને પ્રોડક્ટ્સ, ગિફ્ટ વાઉચર્સ, એર ટિકિટ્સ અને અન્ય ઉપર રિવાર્ડ પોઈન્ટ રિડીમ કરવાની તક મળશે

(પ્રતિનિધિ દ્વારા)

મુંબઈ/જયપુર તા.૧૪

ભારતની સૌથી મોટી એસએફબી એયુ સ્મોલ ફાઈનાન્સ બેંકે પસંદગીના CASA અને ડેબિટ કાર્ડધારકો માટે એકસક્લુઝિવ લોયલ્ટી પ્રોગ્રામ રજૂ કરીને તેના ગ્રાહકોના બેંકિંગ અનુભવને વધારવા માટે એક અગ્રણી પહેલ આદરી છે. આ એક એવો પ્રોગ્રામ છે જ્યાં ગ્રાહકના નાણાંકીય વ્યવહારો માત્ર વ્યવહારો નથી પરંતુ રિવાર્ડિંગ માઈલસ્ટોન્સ છે. એયુ બેંક લોયલ્ટી પ્રોગ્રામ એક્ટિવેશન અને એન્ગેજમેન્ટને વેગ આપવા માટે બનાવવામાં આવ્યો છે, જે ગ્રાહકોને વિવિધ વ્યવહારો ઉપર પોઈન્ટ કમાવવાની તક આપે છે. નાણાંકીય વ્યવહારોથી લઈને બિન-નાણાંકીય પ્રવૃત્તિઓ સુધી, દરેક સ્ટેપની ગણતરી થાય છે. આ મેળવેલા પોઈન્ટ્સ ત્યારબાદ આકર્ષક પ્રોડકટ્સ, ગિફ્ટ વાઉચર, એર ટિકિટ અને અન્ય માટે રિડીમ કરી શકાય છે, જે રોજબરોજના બેંકિંગને રિવાર્ડ્સની સફરમાં પરિવર્તિત કરે છે. આ પ્રોગ્રામની અંદર, ગ્રાહકો એયુની તમામ પ્રોડક્ટ્સ અને સર્વિસીઝમાં રિવાર્ડ પોઈન્ટ્સ મેળવી શકે છે અને રિડીમ કરી શકે છે. ડેબિટ કાર્ડ્સથી સેવિંગ્સ એકાઉન્ટ અને કરન્ટ એકાઉન્ટ્સ, એયુ ૦૧૦૧ એપથી નેટ બેંકિંગ સુધી, અન્ય અસંખ્ય વિકલ્પો ઉપલબ્ધ છે. ટ્રાવેલ બુકિંગ, મોબાઈલ રિચાર્જ, એર માઈલ્સ, ગોલ્ફ સેશન્સ, શોપિંગ અને અનેક લાઈફસ્ટાઈલ સર્વિસીઝ, આ બધું જ પહોંચમાં છે. વાસ્તવમાં, ગ્રાહકો AU ૦૧૦૧ એપ્લિકેશન અથવા ઈન્ટરનેટ બેંકિંગ દ્વારા તેમના મેળવેલા રિવાર્ડ પોઈન્ટ્સ ચકાસી શકે છે અને આ સર્વિસીઝનો લાભ લેવા https://rewardz.aubank.in/ની મુલાકાત લઈ શકે છે.

**ડેબિટ કાર્ડ ડિલાઈટ્સ :** ડેબિટ કાર્ડ લોયલ્ટી પ્રોગ્રામ પિન સેટ કરવા અને ઈ-કોમર્સ વ્યવહારો સક્ષમ કરવા માટે ૨૦૦ રિવાર્ડ પોઈન્ટ ઓફર કરે છે. ઉપરાંત, દરેક ખર્ચ ગ્રાહકના રિવાર્ડ પોઈન્ટ્સમાં ઉમેરો કરે છે.

**CASA બોનાન્ઝા :** CASA લોયલ્ટી પ્રોગ્રામ તેના સમર્થકોને ૫૦૦ રિવાર્ડ પોઈન્ટ્સ સુધી પૂરા પાડે છે. ઈન્ટરનેટ બેંકિંગ, મોબાઈલ બેંકિંગ, યુપીઆઈ અને બિલ પેમેન્ટ રજિસ્ટ્રેશન માટે એક્ટિવેશન બોનસ આપવામાં આવે છે. વધુમાં, પ્રોગ્રામ ગ્રાહકોને દર મહિને ઈન્ટરનેટ બેંકિંગ, મોબાઈલ બેંકિંગ અને બિલ પેમેન્ટ ટ્રાન્ઝેક્શનનો ઉપયોગ કરવા બદલ પોઈન્ટ્સ આપવાનું ચાલુ રાખે છે. આમ કરવા માટે, એયુ બેંકે લોયલ્ટી રિવાર્ડ્સ સાથે ભાગીદારી કરી છે, જે ભારતનું અગ્રણી લોયલ્ટી અને કસ્ટમર એન્ગેજમેન્ટ પ્લેટફોર્મ છે, જે સતત વિકસિત અને સમૃદ્ધ રિવાર્ડ્સ પોઈન્ટ્સ સુનિશ્ચિત કરે છે. આ લોન્ચ અંગે એયુ સ્મોલ ફાઈનાન્સ બેંકના એક્ઝિક્યુટિવ ડિરેકટર શ્રી ઉત્તમ ટિબ્રેવાલે જણાવ્યું હતું કે, “ડિજિટલ ઈન્ડિયાના સ્વપ્નને આગળ ધપાવતા ગ્રાહક કેન્દ્રિત પૂર્વધારણાઓ લાવવા માટે એયુ એસએફબી સૌથી આગળ રહી છે. અમારા CASA અને ડેબિટ કાર્ડ લોયલ્ટી રિવાર્ડ પ્રોગ્રામ સાથે અમે સરળતાથી સુલભ ઓફર્સ અને લાભના ગતિશીલ વાતાવરણમાં ડિજિટલ વ્યવહારોને પ્રોત્સાહન આપવાનું લક્ષ્ય રાખીએ છીએ. CASA અને ડેબિટ કાર્ડ્સના નવીન લોયલ્ટી રિવાર્ડ પ્રોગ્રામની જાહેરાત કરતા અમને આનંદ થાય છે, જે અમારી ઓપરેશનલ વ્યૂહરચનાના કેન્દ્રબિંદુ તરીકે ગ્રાહક સફર સાથે ડિઝાઈન કરવામાં આવ્યો છે.

અમારો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે અમારા મૂલ્યવાન ગ્રાહકો પોઈન્ટ્સ, કૂપન્સ, ઓફર્સ, રિચાર્જ વિકલ્પો, શોપિંગ પ્રોત્સાહનો અને કેશબેક રિવાર્ડ્સ જેવા દરેક ડિજિટલ ટ્રાન્ઝેક્શનમાંથી શ્રેષ્ઠ લાભ મેળવે. આ મનમોહક રિવાર્ડ્સના અનુભવો સંતોષ અને વફાદારી વધારતા અમારા ગ્રાહક સંબંધોને મજબૂત અને ગાઢ બનાવવા માટે તૈયાર છે. અમે અમારા ગ્રાહકોને વિજયી અંતિમ વિજેતા બનાવવા માટે પ્રતિબદ્ધ છીએ અને ડિજિટલ યુગમાં એયુ એસએફબી સાથે કાયમી ભાગીદારી સુનિશ્ચિત કરીએ છીએ.’’

## :: અવસાન નોંધ ::

રાજકોટ : બળવંતરાય ગોપાલજીભાઈ ગોસલીયાના ધર્મપત્ની ચંદ્રીકાબેન તે જયાબેન છોટાલાલ ઉદાણીના દિકરી, હિતેષભાઈ, પારસભાઈ, સોનલબેન, બિજલબેનના માતા, જયશ્રીબેન, નેહલબેન, કલ્પેશભાઈ, તુષારભાઈના સાસુ, કૃપા, દ્રષ્ટી, માહિ, સંજયના દાદી, હેત, યશના નાની તા. ૧૩-૯-૨૩ બુધવારના રોજ અરિહંત શરણમ પામેલ છે. સદગતનું બેસણું તા. ૧૪-૯-૨૩ને ગુરૂવારે સાંજે ૪.૩૦ કલાકે ગીત ગુર્જરી ઉપાશ્રય, એરપોર્ટ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

# કલ્યાણપુરમાં જુગારની જામેલી મહેફિલ પર એલસીબીનો દરોડો : રૂા.સવા લાખના મુદ્દામાલ સાથે આઠ શખ્સો ઝબ્બે

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૪


દેવભૂમિ દ્વારકા જિલ્લા એલસીબી પોલીસ દ્વારા પી.આઈ. કે.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમ્યાન પ્રદિપસિંહ જાડેજા, જેસલસિંહ જાડેજા તથા કુલદીપસિંહ જાડેજાને મળેલી ચોક્કસ બાતમીના આધારે કલ્યાણપુર તાલુકાના ડાંગરવાડ ગામે આઠ શખ્સોને દબોચી લેવામાં આવ્યા હતા. પકડાયેલા આ શખ્સો પાસેથી પોલીસે રૂપિયા ૬૦,૯૧૦ રોકડા તથા રૂપિયા ૩૧ હજારની કિંમતના આઠ નંગ મોબાઈલ ફોન ઉપરાંત રૂપિયા ૩૦,૦૦૦ ની કિંમતનું એક મોટરસાયકલ મળી, કુલ રૂપિયા ૧,૨૧,૯૧૦નો મુદ્દામાલ કબજે કરી, જુગારધારાની કલમ મુજબ ગુનો નોંધવામાં આવ્યો હતો.

આ સમગ્ર કાર્યવાહી પી.આઈ. કે.કે. ગોહિલ, એસ.વી. ગળચર, બી.એમ દેવમુરારી, પ્રદિપસિંહ જાડેજા, જેસલસિંહ જાડેજા, કુલદીપસિંહ જાડેજા, સહદેવસિંહ જાડેજા, ડાડુભાઈ જોગલ, ગોવિંદભાઈ કરમુર તથા વિશ્વદિપસિંહ જાડેજા દ્વારા કરવામાં આવી હતી.

# જૂનાગઢના શામળદાસ ગાંધી ટાઉનહોલમાં આયુષ્માન ભવઃ અંતર્ગત કાર્યક્રમ યોજાયો

## લાભાર્થીઓને આયુષ્માન કાર્ડનું મહાનુભાવોના હસ્તે વિતરણ કરાયું : ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મૂર્મુના હસ્તે આયુષ્યમાન ભવઃ અભિયાનના રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળતા અગ્રણીઓ અને અધિકારીઓ










જૂનાગઢ તા.૧૩

દેશના છેવાડાના લોકો સુધી આરોગ્યની સેવા પહોંચાડવા ગાંધીનગર ખાતેથી ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતિ દ્રોપદી મૂર્મુએ આયુષ્માન ભવઃ અભિયાનના રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. આ આયુષ્માન ભવઃ કાર્યક્રમ અંતર્ગત જૂનાગઢના શામળદાસ ગાંધી ટાઉન હોલ ખાતે મહાનુભાવો ઉપસ્થિતિ રહી જીવંત પ્રસારણ નિહાળ્યું હતું અને લાભાર્થીઓને આયુષ્માન કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ "આયુષ્માન ભવઃ" અભિયાન હેઠળ દેશભરમાં તા.૧૭ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર દરમ્યાન સેવા પખવાડિયામાં 'આયુષ્માન આપ કે દ્વાર', 'આયુષ્માન આરોગ્ય મેળો' અને 'આયુષ્માન સભા' ના કાર્યક્રમો યોજાશે.

### તા.૧૭ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર સુધી સેવા પખવાડિયામાં 'આયુષ્માન આપ કે દ્વાર', 'આયુષ્માન આરોગ્ય મેળો' અને 'આયુષ્માન સભા' ના કાર્યક્રમો યોજાશે

આ રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમ અંતર્ગત જૂનાગઢ શહેરના શામળદાસ ગાંધી ટાઉન હોલ ખાતે પદાધિકારીઓ તથા જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ શાંતાબેનખટારિયા સહિતના મહાનુભાવોના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ કાર્યક્રમમાં આયુષ્માન કાર્ડ અન્વયે સારવાર લેનાર લાભાર્થી કરશનભાઈ હરદાસભાઈ ભેટારિયાએ જણાવ્યું હતું કે, હું બિમાર પડ્યો અને સારવાર કરાવવા લાખો રૂપિયાનો ખર્ચ થાય એમ હતો. નાનો ખેડૂત હોવાથી લાખો રૂપિયાની રાજકોટ, અમદાવાદની મોટી હોસ્પિટલમાં કેમ સારવાર કરાવવી, પરંતુ આયુષ્માન કાર્ડ થકી મને વિના મૂલ્યે સરકાર તરથી પ્રાઈવેટ સારી હોસ્પિટલમાં સારવાર મળી અને હું તંદુરસ્ત છું, સરકારનો આભાર કે અમારા જેવા નાના માણસોનું ધ્યાન રાખે છે.

આ કાર્યક્રમ દરમ્યાન મહાનુભાવોના હસ્તે શહેરી અને ગ્રામ્ય વિસ્તારના આયુષ્માન કાર્ડના લાભાર્થીઓને આયુષ્માન કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત ટીબીના દર્દીને મદદરૂપ થતા નિક્ષય મિત્રનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે ટીબી ઓફિસર ડો.ચંદ્રેશ વ્યાસ દ્વારા નિક્ષય મિત્ર અંગે માહિતી આપી હતી.

# કોડીનારમાં તાલુકા પંચાયતમાં ભગવો લહેરાતા ભાજપનો દબદબો યથાવત, ૧૬ સભ્યોની બહુમતી સાથે પ્રમુખ-ઉપપ્રમુખ ચૂંટાયા

### તાલુકા પંચાયતની ૨૪ બેઠકોમાંથી ભાજપ-૧૫, કોંગ્રેસ-૮ અને અપક્ષના ફાળે ૧ બેઠક મળી હતી

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૧૪



કોડીનાર તાલુકા પંચાયતમાં ચાલુ પ્રમુખ - ઉપપ્રમુખની ટર્મ પૂરી થતા નવા પ્રમુખ - ઉપપ્રમુખની નિમણુંક માટે ફોર્મ ભરવાના અંતિમ દિવસે ભાજપ અને કોંગ્રેસમાંથી એક પ્રમુખ અને એક ઉપપ્રમુખના ફોર્મ ભરાતા પ્રમુખ - ઉપપ્રમુખની ચુંટણી યોજાઈ હતી. કોડીનાર તાલુકા પંચાયતની ૨૪બેઠકો પૈકી ૧૫ માં ભાજપે વિજય મેળવી પોતાનો દબદબો જાળવી રાખ્યો હતો. જ્યારે કોંગ્રેસને ૮ બેઠક અનેઅપક્ષને ૧ બેઠક મળી હતી. કોડીનાર તાલુકા પંચાયત ખાતે તમામ વિજેતા સભ્યોની હાજરીમાં જિલ્લા પુરવઠા અધિકારી રાહુલ ગમારાના અધ્યક્ષસ્થાને પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી યોજાઈ હતી. આ ચૂંટણીમાં ભાજપમાંથી પ્રમુખ પદે માટે દિપુભાઈ નારણભાઈ બારડ અને ઉપ પ્રમુખ પદ માટે વિશાલભાઈ હમીરભાઈ ગાધેને મેન્ડેટ આપી મેદાને ઉતાર્યા હતા. જ્યારે કોંગ્રેસે પ્રમુખ પદે માટે રણજીતભાઈ રામભાઈ રાઠોડ અને ઉપ પ્રમુખ પદ માટે દક્ષાબેન અશ્વિનભાઈ ચુડાસમાના મેન્ડેટ આપી મેદાને ઉતારતા ઉપરોક્ત ૪ વચ્ચે ચૂંટણી યોજાઈ હતી જેમાં ભાજપને૧૬ સભ્યોની બહુમતી મળતા પ્રમુખ પદે દિપુભાઈ નારણભાઈ બારડ અને ઉપપ્રમુખ પદે વિશાલભાઈ હમીરભાઈ ગાધેને ચૂંટણી અધિકારીએ વિજેતા જાહેર કર્યા હતા. આ તકે જિલ્લા પુરવઠા અધિકારી ગમારા, કોડીનાર તાલુકા પંચાયત ટી.ડી.ઓ. રાવલ કોડીનાર તાલુકા ભાજપ પ્રમુખ ભગુભાઈ પરમાર, પી.એસ.ડોડીયા, સુભાષભાઈ ડોડીયા તેમજ સહકારી સંસ્થાના અગ્રણીઓ સરપંચો સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢની મધર ડેરીમાં ટેક્નિશયનની જગ્યા ભરવા માટે રોજગાર કચેરી દ્વારા ભરતી મેળાનું આયોજન

### આવતીકાલ તા.૧૫/૯/૨૦૨૩ના સવારે ૧૧:૦૦ કલાકે ઈવનગર રોડ ઉપર આવેલ મધરડેરી ખાતે ભરતી મેળો યોજાશે

જૂનાગઢ, તા.૧૪

જૂનાગઢ જિલ્લાનાં ઉત્સાહી અને ઉર્જાવાન રોજગાર ઈચ્છુકોને રોજગારીનો ઉમદા અવસર પ્રાપ્ય થાય તેવા હેતુસર ખાનગી ક્ષેત્રના અગ્રગણ્ય એકમ જૂનાગઢની મધરડેરી ખાતે ખાલી પડેલ ટેક્નિશયનની જગ્યાઓ માટે ૨૧ થી ૩૫ વર્ષની વયમર્યાદા તેમજ ખાલી જગ્યાને અનુરૂપ આઈ.ટી.આઈ.(વેલ્ડર/ફિટર/ઈલેક્ટ્રીશીયન /ટર્નર/મિકેનિક)ની શૈક્ષણિક લાયકાત ધરાવનાર રોજગાર ઈચ્છુકો માટે અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી ભરતીમેળાનું આયોજન જિલ્લા રોજગાર વિનિમય કચેરી- જૂનાગઢ દ્વારામધર ડેરી (જૂનાગઢ ડેરી), જફર મેદાન પાસે, ઈવનગર રોડ, જૂનાગઢ ખાતે તા.૧૫/૦૯/૨૦૨૩ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે કરવામાં આવેલ છે. પ્રસ્તુત ભરતીમેળામાં ભાગ લેવા હેતુસર રોજગાર ઈચ્છુકોએ શૈક્ષણિક લાયકાતનાં પ્રમાણપત્રો તેમજ જરૂરી દસ્તાવેજો સાથે ભરતીમેળા સ્થળ ઉપર ઉપસ્થિત થવાનું રહેશે. અનુબંધમ પોર્ટલ ઉપર જોબસીકર તરીકે નોંધણી કરાવવી ફરજિયાત છે. અનુબંધમ પોર્ટલ ઉપર જોબસીકર માટેની રજીસ્ટ્રેશન ÷ªf https://anubandham.gujarat.gov.in/account/signup ઉપરથી નોંધણી કરવાની રહેશે. નોંધણી થયા બાદ પોર્ટલ ઉપર લોગઈન કરીને પોર્ટલ ઉપર જોબફેર મેનુમાં ક્લીક કરી જરૂરી વિગત ભર્યા બાદ જોબફેરમાં ભાગ લઈ શકાશે. વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમિયાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જૂનાગઢના ટેલીફોન નંબર ૦૨૮૫ ૨૬૨૦૧૩૯ મારફત સંપર્ક કરવા જણાવાયું છે.

# ઉનાના પ્રાચીન ગુપ્ત પ્રયાગ તીર્થધામ ખાતે કાયમી વિશાળ નિઃશુલ્ક ભોજનાલયનું લોકાર્પણ કરાયું

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૧૪



ઉના તાલુકાના ગુપ્ત પ્રયાગ તીર્થધામમાં પૂજય મુક્તાનંદબાપુની પ્રેરણાથી વિશાળ સુવિધા યુકત ભોજનાલયની કામગીર પૂર્ણ થતા૦૦૦થી વધુ લોકો ડાઈનિંગ ટેબલ ઉપર બેસી ભોજન કરી શકે તેવો ભોજનાલયનું લોકાર્પણ ચાંપરડા આશ્રમના સંત મુક્તાનંદબાપુ અને સીમર જગજીવનબાપુ સેવા આશ્રમના સંત હિંમત જીવનબાપુ અને રાજકોટથી આવેલ ગીજુભાઈ ભરાડ વરદહસ્તે ભોજનાલયનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું અને આ પ્રસંગે મુક્તાનંદબાપુએ જણાવેલ કે ધાર્મિક સ્થાને ઓટલો અનેરોટલો હોવો જોઈએ તેથી આ ભોજનાલય કાયમ માટે બપોરે અને સાંજે ગુપ્ત પ્રયાગ આવતા યાત્રાળુઓ, અતિથિઓ, વટેમાર્ગુનો નિઃશુલ્ક મહા પ્રસાદનો લાભ લઈ શકશે. આ કાર્યક્રમનું સંચાલન ગુપ્ત પ્રયાગ સ્થાનિક સમિતિના સભ્ય દેવુંભાઈ પુરોહિત અને આગેવાનોએ કરેલ હતું.

# ડો.સુભાષ એકેડેમી ખાતે તા.૧૬ અને ૧૭ સપ્ટેમ્બરના સવારે ૬ થી ૮ કલાકે યોગ શિબિર યોજાશે

જૂનાગઢ, તા.૧૪

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિતે ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જૂનાગઢ ખાતે આગામી તા.૧૬ અને ૧૭ સપ્ટેમ્બરના સવારે ૬ થી ૮ કલાક દરમ્યાન ડો.સુભાષ એકેડેમી ખાતે યોગ શિબિર યોજાશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોથી સમગ્રવિશ્વમાં તા.૨૧મી જુનના દિવસેઆંતરરાષ્ટ્રીય યોગદિવસ તરીકે ઉજવવામાંઆવે છે. જેના ભાગરૂપે ગુજરાત સરકારના રમત-ગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ અંતર્ગતના રાજ્ય યોગ બોર્ડ દ્વારા સમગ્ર ગુજરાતમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિતે તા.૧૬ અને ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ સવારે ૬ થી ૮ કલાક દરમ્યાન ડો.સુભાષ એકેડેમી, ખામધ્રોળ રોડ, જૂનાગઢ ખાતે યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ યોગ શિબિરમાં જોડાવવા ગુજરાત રાજય યોગ બોર્ડના ચેરમેન યોગસેવક શીપપાલે અનુરોધ કર્યો છે.

# ખંભાળિયા નગરપાલિકાના પ્રમુખ તરીકે રચનાબેન, ઉપપ્રમુખ તરીકે વિષ્ણુભાઈને શિરે તાજ

### કારોબારી ચેરમેન તરીકે રેખાબેન ખેતીયા પણ બિનહરીફ વરાયા

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૪



દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા નગરપાલિકાની ભારે ઈન્તેજારીપૂર્વક બની ગયેલી પ્રમુખ - પ્રમુખ પદની ચૂંટણી માટે મંગળવારે લાંબી કશ્મકશ તેમજ ચર્ચા, વિચારણાઓ, અટકળો અને અનુમાનો વચ્ચેઆગામી અઢી વર્ષ માટે બિનહરીફ વિજેતા થયેલા પ્રમુખ રચનાબેન મોહિતભાઈ મોટાણી, ઉપપ્રમુખ તરીકે વિષ્ણુભાઈ ગોપાલભાઈ પતાણી તેમજ કારોબારી ચેરમેન તરીકે રેખાબેન ખેતીયાની વિધિવત રીતે જાહેરાત કરવામાંઆવી છે. ભાજપ શાસિત ખંભાળિયા નગરપાલિકાના વર્તમાન બોડીની બીજી ટર્મમાટેના પ્રમુખ-ઉપપ્રમુખ પદ માટેની ચૂંટણી ગઈકાલે સવારે ૧૧ વાગ્યેખંભાળિયાનગરપાલિકા કચેરીના સભાગૃહ ખાતે અહીંના પ્રાંત અધિકારી પાર્થ કોટડીયાની અધ્યક્ષતામાંયોજવામાં આવી હતી. આ વચ્ચે ઉલ્લેખનીય છે કે છેવટ સુધી ભારે સસ્પેન્સ તેમજ ગઈકાલે સવારે સુધી વિવિધ નામોની અટકળો તેમજ અનુમાનોના ચાલેલા દૌર બાદ સવારે ૧૦:૩૦ વાગ્યે જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવીની ઉપસ્થિતિ બાદ જિલ્લા ભાજપ મહામંત્રી રસિકભાઈ નકુમ દ્વારા નગરપાલિકાના ભાજપના સદસ્યોને વ્હીપ આપવામાં આવી હતી. જે મુજબ અહીંના પીઢ અને અનુભવી તેમજ રાજકીય માંધાતા સાબિત થયેલા મોટાણી ગ્રુપના પુત્રવધુ રચનાબેન મોહિતભાઈ મોટાણીની પ્રમુખ તરીકે વિધિવત રીતેજાહેરાત કરવામાંઆવી હતી. આ સાથે ઉપપ્રમુખ તરીકે વિષ્ણુભાઈ ગોપાલભાઈ પતાણીના નામનું મેન્ડેટ સદસ્યોને આપવામાં આવ્યું હતું. પાલિકાની મહત્વની એવી કારોબારી સમિતિના પ્રમુખ તરીકે બ્રહ્મ સમાજના અગ્રણી મહિલા કાર્યકર રેખાબેનખેતીયાના નામની પણ વિધિવત રીતેજાહેરાત કરવામાં આવી હતી. ખંભાળિયા શહેરમાં નોંધપાત્ર વસ્તી ધરાવતા અનેપાલિકામાંહાલ ૨૮પૈકી સાત સદસ્યો સાથે સૌથી વધુ સંખ્યાબળ ધરાવતા રઘુવંશી જ્ઞાતિને આ ટર્મમાં પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. આજથી આશરે ૧૨ વર્ષ પહેલાં નગરપાલિકાના પ્રમુખ તરીકે રહી ગયેલા દિનેશભાઈ દતાણી પછી આગામી અઢી વર્ષની ટર્મ માટે ૧૨ વર્ષ પછી રઘુવંશી સમાજના રચનાબેન મોહિતભાઈ મોટાણીને ભાજપ દ્વારા આ મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે. પ્રમુખ - ઉપપ્રમુખ માટે યોજવામાં આવેલી આ બેઠકમાં ૨૮ પૈકી ભાજપના તમામ ૨૬ તેમજ બસપા અને કોંગ્રેસના એક-એક મળી તમામ ૨૮ સભ્યો હાજર રહ્યા હતા.

# તહેવારો દરમ્યાન ઉના એસટી ડેપોને રૂા.૪૧ લાખ ૫૦ હજાર ૬૨૪ની રેકર્ડ બ્રેક આવક થઈ

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૧૪

ઉનાનો એસ.ટી. ડેપો અમરેલી ડિવિઝન હેઠળ આવેલ છે અને વિભાગીય નિયામકના માર્ગદર્શન હેઠળ ઉના એસ.ટી. ડેપોના યુવાન અને ઉત્સાહી ડેપો મેનેજર એલ.ડી. રાઠોડ અને દરેક કર્મચારીઓએ ટીમવર્ક કરી પરિવાર સાથે તહેવારો મનાવવાને બદલે મુસાફરોને વધુને વધુ સગવડતા મળે તેમાટે સાતમ અને જન્માષ્ટમીના તહેવારોના છ દિવસ તમામ કાયમી રૂટ અને જયાં જરૂર પડી ત્યાં એકસ્ટ્રા બસો મૂકી મુસાફરોને અગવડ ન પડે તેવી રીતે કામગીરી કરતા માત્ર છ દિવસમાં ઉના એસ.ટી. ડેપોએ ૫૨૪૫૩ મુસાફરોએ મુસાફરી કરી હતી અને ડેપોને ૪૧ લાખ ૫૦હજાર ૬૨૪ રૂપિયાની રેકડ બ્રેક આવક કરી હતી જે ગત વર્ષેની સરખામણીમાં ૩૨ ટકા વધુ થઈ છે અને સમગ્ર અમરેલી એસ.ટી. ડિવિઝનમાં ઉના ડેપો આવકમાં પ્રથમ રહેતા અમરેલીના એસ.ટી.ના વિભાગીય નિયામક કે, ઉના એસ.ટી. ડેપોના મેનેજર અને તમામ કર્મચારીઓને અભિનંદન આપેલ હતા.

# આજે રાષ્ટ્રીય હિન્દી દિવસ : ડો.જી.આર. ગોહિલ




ભારતમાં ૨૨ ભાષાઓ અને તેમની ૭૨૫૦૭ સ્ક્રિપ્ટો છે. એક દેશમાં ઘણી બધી ભાષાઓ અને વિવિધતા વચ્ચે, હિન્દીએ ભાષા છે જે ભારતને એક કરે છે. ભારતમાં ૨૮ રાજ્યો અને ૮ કેન્દ્રશાસિત પ્રદેશો છે. ભારત તમામ રાજ્યોમાં રહેતા લોકોને હિન્દીના મહત્વથી વાકેફ કરવા અને તેનો પ્રચાર કરવા હિન્દી દિવસની ઉજવણી કરે છે. સંઘની સત્તાવાર ભાષા હિન્દી હશે અને લિપિ દેવનાગરી હશે. સંઘના અધિકૃત હેતુઓ માટે વપરાતા આંકડાઓનું સ્વરૂપ આંતરરાષ્ટ્રીય સ્વરૂપ હશે. આ નિર્ણય ૧૪ સપ્ટેમ્બરે લેવામાં આવ્યો હતો, તે જ દિવસે મહાન હિન્દી સાહિત્યકાર વ્યાવર રાજેન્દ્રસિંહનો ૫૦મો જન્મદિવસ હતો, તેથી આ દિવસ હિન્દી દિવસ માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે. હિન્દી ભાષાને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે દર વર્ષે ૧૦ જાન્યુઆરીએ વિશ્વ હિન્દી દિવસ ઉજવવામાં આવે છે. જ્યારે રાષ્ટ્રીય હિન્દી દિવસ દર વર્ષે ૧૪ સપ્ટેમ્બરે ઉજવવામાં આવે છે, જે મુખ્યત્વે ભારતમાં હિન્દી ભાષાની માન્યતા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. પ્રથમ હિન્દી દિવસ ૧૪ સપ્ટેમ્બર ૧૯૫૩ના રોજ ઉજવવામાં આવ્યો હતો. જ્યારે ભારતના તત્કાલીન વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરૂએ આ દિવસને હિન્દી દિવસ તરીકે યાદ કરવાનો નિર્ણય કર્યો હતો. હિન્દીને ૧૪ સપ્ટેમ્બર, ૧૯૪૯ના રોજ સત્તાવાર ભાષાનો દરજજો મળ્યો અને બંધારણના ભાગ ૧૭માં તેને લગતી મહત્વપૂર્ણ જોગવાઈઓ કરવામાં આવી. આ ઐતિહાસિક મહત્વને કારણે ૧૯૫૩થી રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ દ્વારા દર વર્ષે ૧૪ સપ્ટેમ્બરે 'હિન્દી દિવસ'નું આયોજન કરવામાં આવે છે. હિન્દીના પ્રચારના દૃષ્ટિકોણથી, આ દિવસનું આયોજન એક મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે.

હિન્દી ભાષાનો ઈતિહાસ લગભગ એક હજાર વર્ષ જૂનો માનવામાં આવે છે. સામાન્ય રીતે, હિન્દી સાહિત્યનો ઉદભવ પ્રાકૃતના છેલ્લા અપભ્રંશ તબક્કામાંથી સ્વીકારવામાં આવે છે. તે સમયેઅપભ્રંશના અનેકસ્વરૂપો હતા અને સાતમી-આઠમી સદીથી જ તેમાં 'શ્લોક' રચનાનો પ્રારંભ થયો હતો. સંસ્કૃત ભાષા હિન્દી ભાષાની માતા છે. હિન્દી એક મહત્વની ભાષા છે. હિન્દી ભાષા તેની લિપિ અને ઉચ્ચારણ પ્રમાણે સૌથી શુદ્ધ અને વૈજ્ઞાનિક ભાષા છે તે વિશ્વ મંચ પર સાબિત થયું છે. ભારતમાં સૌથી વધુ બોલાતી ભાષાઓમાં હિન્દી પ્રથમ ક્રમે છે. દેશમાં કેટલી માતૃભાષાઓ બોલાય છે? ૨૦૧૮ માં પ્રકાશિત ૨૦૧૧ ભાષાકીય વસ્તી ગણતરીના ડેટા અનુસાર, ભારતમાં ૧૯,૫૦૦થી વધુ ભાષાઓ અને બોલીઓ માતૃભાષા તરીકે બોલાય છે. ભાષાકીય તપાસ અને તર્કસંગતીકરણ પછી, આ ૧૯,૫૦૦ ભાષાઓને માતૃભાષાની ૧૨૧ શ્રેણીઓમાં વહેંચવામાં આવી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# જાતિવાદને ચાલુ રાખવાનો રાજકીય પેંતરો

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી છેલ્લા કેટલાક મહિનાથી એક અભિયાન ચલાવી રહ્યા છે કે ભારતીય જનતા પાર્ટીએ આખા દેશમાં કેરોસીન છાંટી દીધું છે. ભાજપે કેરોસીન છાંટ્યું હોય કે નહીં, પણ તમિલનાડુથી અચાનક કેરોસીન છાંટવામાં આવ્યું, એક એવું રાજ્ય જ્યાં ભાજપની હાજરી નગણ્ય છે. ડીએમકેસરકારમાં મંત્રીઉદયનિધિ સ્ટાલિન, જેમની પાસે ઉપલબ્ધિ એટલી જ છે કે તેઓ એમ. કરુણાનિધિના પૌત્ર અને મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિનના પુત્ર છે, તેમણે સનાતન ધર્મનું જ કાસળ કાઢી નાખવાનું આહ્વાન કર્યું છે. પૂજારીઓ-આચાર્યોથી માંડીને સામાન્ય ભારતીય હિંદુઓ, બધા જ આ ભડકાઉ અને હિંદુ દ્વેષી ટિપ્પણી વિરુદ્ઘ રોષે ભરાયા છે. પ્રતિક્રિયા જોતાં ડીએમકેના કેટલાક પ્રવક્તાઓએ એવી ગોળી ગળાવવાની કોશિશ કરી કે મંત્રીનો મતલબ જાતિ ઉન્મૂલન હતો અને તેમની ટિપ્પણી તોડી-મરોડીને રજૂ કરવામાં આવી. પરંતુ કોઈપણ એ તર્કને સ્વીકાર કરી શકે નહીં. ઉદયનિધિએ જે કહ્યું તે બિલકુલ દીવા જેવું સ્પષ્ટ છે.'સનાતન ધર્મ મિટાવો'ના બેનર તળે આયોજિત એક કાર્યક્રમમાં કરવામાં આવેલી તેમની ટિપ્પણી લખેલી ચિઠ્ઠીમાંથી વાંચવામાં આવી હતી. કાર્યક્રમના શીર્ષકની સાથે જ લખેલી ચિઠ્ઠીમાંથી વાંચવું એ દર્શાવે છે કે આ ટિપ્પણી ના તો અચાનક કરવામાં આવી હતી કે ના તોડી-મરોડીને કરવામાં આવી હતી. પરંતુ નિષ્પક્ષતાથી વાત કરીએ તો તેમના નેતૃત્વ તરફથી સમયે સમયે આવી ટિપ્પણીઓ આવતી જ રહે છે, જોકે આ વખતે તેમણેહદ જ ઓળંગી દીધી છે.રાજદના નેતા મનોજ ઝા અને કોંગ્રેસના નેતા કાર્તિ ચિદમ્બરમ જેવા લોકો દ્વારા આવતા સ્પષ્ટીકરણ અને વ્યાખ્યાઓ વાસ્તવમાં તો ચિંતાનું કારણ ગણવું જોઈએ. બંનેએ પોતાના દ્રમુક સહયોગીના હળાહળ ઝેરી નિવેદનને ખોટું ઠેરવવાને બદલે તરત જ તેમનો બચાવ કર્યો. મલ્લિકાર્જુન ખડગેના પુત્રએ પણ સ્ટાલિનના નિવેદનને યોગ્ય જ ગણાવીને એક રીતે કોંગ્રેસનું સ્ટેન્ડ સ્પષ્ટ કર્યું છે. આમ આદમી પાર્ટીના પણ એક મંત્રીએ આ નિવેદનમાં કશું જ ખોટું નહીં હોવાનું જણાવ્યું. એટલે સ્પષ્ટ દેખાય છે કે 'મહોબ્બતની દુકાન'નું મહોરું પહેરેલા ભાગીદારો કેટલા હિંદુ દ્વેષી છે.વિપક્ષી ગઠબંધનના ભાગીદારોનો પાછલો રેકોર્ડ જોતાં એ કોઈ આશ્ચર્યની વાત નથી. રાજદના ડો.ચંદ્રશેખર વ્યવસાયે પ્રોફેસર અને બિહારના શિક્ષણ મંત્રી દર થોડા અઠવાડિયે હિંદુ ધર્મગ્રંથો, વિશેષ કરીને રામચરિતમાનસ વિશે ઝેર ઓકતા ફરે છે. પ્રોફેસર એ ભૂલી જાય છે કે જો કોઈ એક સમાન સૂત્ર હોય જે હિંદુઓને એક સાથે બાંધે છે તે માનસ છે. સૌથી નાદાર નમૂનો તો કાર્તિ ચિદમ્બરમ છે જે કોઈ બૌદ્ધિક વિશ્વાસને કારણે આવું નથી કરી રહ્યો, પરંતુ ચૂંટણી અસ્તિત્વને કારણે આવું કરી રહ્યો છે. ખરું તો એ છે કે ઉદયનિધિની ટિપ્પણી એ નેતાઓ દ્વારા કરાઈ રહેલ અનેક હિંદુદ્વેષી ટિપ્પણીઓઅને ટિપ્પણીઓથી સ્વાભાવિક પ્રગતિ જ દેખાય છે, જે હવે વિપક્ષી ગઠબંધનના એક બેનર તળે ભેગા આવી ગયા છે. માનસથી શરૂ થયેલી હિંદુત્વ વિરોધી રાજનીતિએ હવે વરવું રૂપ ધર્યું છે. અસલમાં પાછલો દાવ ખાલી ગયો તો હવે સનાતન ધર્મ નિશાના પર છે. પોતાના ભાષણમાં ઉદયનિધિએ સનાતન હિંદુ ધર્મની તુલના મેલેરિયા અને ડેંગ્યુ જેવી બીમારીઓ સાથે કરી તો બીજી તરફ સંસ્કૃત ભાષા પર પણ નિશાન સાધ્યું. તેમ છતાં સચ્ચાઈ એ છે કે ખુદ તેમનું નામ ઉદયનિધિ પણ સંસ્કૃતનો જ શબ્દ છે, જે તેમણે બદલ્યો નથી!ઉલ્લેખનીય છે કે ઉદયનિધિના બે વર્ષ પહેલાં તમિલનાડુ કોંગ્રેસના નેતા કે.એસ. અલાગિરીએ કહ્યું હતું કે રાજ્યમાં ભાજપ ચૂંટણીમાં હારશે અને સનાતન ધર્મનો નાશ થશે. તમિલનાડુની એક સ્થાનિક પાર્ટી વીસીકેના વડા થિરુમાવલને તો ત્યાં સુધી કહ્યું કે સનાતન ધર્મ આલ્કોહોલથી પણ બદતર છે. થિરુમાવલને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીને સનાતન ધર્મ વિરુદ્ઘ યુદ્ઘ ગણાવી હતી.ઉદયનિધિ સ્ટાલિનના નિવેદન પર પહેલાં તો વિપક્ષી દળોમાં થોડી અસંમજસ જોવા મળી, પરંતુ આ મુદ્દાનો રાજકીય લાભ લેવા માટે પાછળથી તેઓ ખુલ્લેઆમ સમર્થનમાં આવી ગયા. જેમાં ચિદમ્બરમના પુત્ર કાર્તિ ચિદમ્બર અને મલ્લિકાર્જુન ખડગેના પુત્ર પ્રિયાંક ખડગે સામેલ છે.ભાજપ અને સંઘની રાજનીતિનો તોડ નહીં શોધી શકેલા ટુચ્ચા નેતાઓ હવે સનાતન ધર્મ પર આઘાત કરવાની રણનીતિ બનાવી રહ્યા છે. તેમનું માનવું છે કે ભાજપ અને સંઘ હિંદુત્વના નામે બ્રાહ્મણવાદ એ વર્ણવ્યવસ્થાને પાછી લાવવા માંગે છે, તેઓ બંધારણ બદલવા માંગે છે વગેરે. આ આરોપોમાં નામમાત્રની સચ્ચાઈ નથી, પણ વિપક્ષોના ડરનું કારણ બહુસંખ્યક હિંદુઓનું હિંદુત્વની છત્રી તળે એક થવાનું છે. જ્યાં પણ આવું થયું છે, ત્યાં વિરોધ પક્ષ અને વિચાર માટે સ્પેસ સંકોચાતી ગઈ છે. માત્ર દક્ષિણનાં ત્રણ રાજ્યો તેનાથી બચ્યાં છે. તમિલનાડુમાં હાલમાં જ ભાજપની એન્ટ્રી થઈ છે. એવામાં દ્રવિડવાદી અને હિંદુદ્વેષી રાજનીતિ કરનારી ડીએમકેની ચિંતા સમજી શકાય છે. દેશની કુલ આબાદીમાં હિંદુઓની સંખ્યા લગભગ ૧૧૦ કરોડ છે અને તેમાં પણ ૯૦ ટકા લોકો સનાતન ધર્મના અનુયાયી છે. જ્યાં સુધી ધાર્મિકતાની વાત છે તો દક્ષિણના હિંદુ ઉત્તર ભારતની તુલનામાં વધુ કર્મકાંડી છે. એટલે સ્પષ્ટ છે કે મોરચો એ હિંદુઓ વિરુદ્ઘ પણ ખોલવામાં આવ્યો છે!ડીએમકે અને વિપક્ષી ગઠબંધનના અન્ય ભાગીદાર સનાતનીઓ વિરુદ્ઘ મોરચો ખોલીને શો સંદેશ આપવા માંગે છે? સમગ્ર સનાતનનું કાસળ કાઢવાનું નિવેદન શો સંદેશ આપે છે? અન્ય એક પાર્ટી શિવસેના-ઉદ્ઘવ માટે પણ આ અસમંજસની સ્થિતિ છે. પોતાને હિંદુત્વવાદી ગણાવતી આ પાર્ટીએ હાલમાં જ પોતાનું 'રાજકીય ધર્માંતરણ' કર્યું છે. ઉદયનિધિના નિવેદનથી પરેશાન ઉદ્ઘવે કહ્યું કે તેઓ આ મામલે સીએમ એમ.કે. સ્ટાલિન સાથે વાત કરશે. પરંતુ સ્ટાલિનની લાઈન તો સ્પષ્ટ છે, તેઓ ઉદ્ઘવ સાથે શું વાત કરશે? સનાતન ધર્મ પર હુમલા પાછળની એક રણનીતિ દ્રવિડવાદ, આર્ય સંસ્કૃતિ વિરોધ અને તમિલ ભાષા તથા સંસ્કૃતિને મહાન ગણાવવાની પણ છે. પરંતુ તેને બચાવવાનો ઉપાય સનાતન સંસ્કૃતિ પર હુમલો કરવાનું તો નથી. સનાતન એટલે શાશ્વત. હિંદુ ધર્મની જે માન્યતાઓ, પરંપરાઓ અને સામાજિક વ્યવસ્થાઓ છે તે થોડાઘણા બદલાવ સાથે હજારો વર્ષથી ચાલ્યા આવે છે, એટલે હિંદુ ધર્મ સનાતન છે. ભારતીય રાજકારણનો એ પણ મોટો વિરોધાભાસ છે કે સામાજિક ન્યાય અને સનાતન ધર્મ વિરોધના નામે જાતિ વ્યવસ્થા ખતમ કરવાની ગુલબાંગો હાંકવામાં આવે છે, બીજી તરફ જાતિવાદને ચાલુ રાખવાનો દરેક રાજકીય પેંતરો અજમાવવામાં આવે છે! જાતિ વ્યવસ્થાને ખતમ કરવા જાતિવાદને 'લાઈફ સેવિંગ ડ્રગ્સ' આપતા રહેવું ભારતીય રાજનીતિનું નવું દુષ્ચક્ર છે. ઉલ્લેખનીય છે કે સનાતન ધર્મને ઉખેડી નાખવાનું આહ્વાન કરનારા ઉદયનિધિ અને તેમના પિતા એમ.કે. સ્ટાલિન ઈસઈ વલ્લલાર જાતિમાંથી આવે છે, જે તમિલનાડુમાં ઓબીસીમાં આવે છે. એટલે કે તેઓ જાતિગત અનામત મામલે તો 'સનાતનતા' ઈચ્છે છે, પરંતુ આસ્થા અને કર્મકાંડ મામલે તેનો નાશ ઈચ્છે છે!

# કેનેડા આ વર્ષે ૪.૬૫ લાખ લોકોને PR આપશે

## કેનેડાએ અત્યાર સુધી ઉદાર થઈને ઈમિગ્રન્ટ્સને આવવા દીધા છે, પરંતુ તેની સામે સગવડો ઉભી થઈ શકી નથી, બે વર્ષમાં આકડો ૫ લાખને વટાવી જશે



નવી દિલ્હી, તા.૧૪

કેનેડાએ પોતાની ઈકોનોમીને ટેકો આપવા અને વર્કર્સની અછત દૂર કરવા માટે ઈમિગ્રન્ટ્સને આવકારવાનો નિર્ણય લીધો છે, પરંતુ કેનેડાની હાઉસિંગ કટોકટીના કારણે સમસ્યા પેદા થઈ રહી છે. ચાલુ વર્ષમાં કેનેડા ૪.૬૫ લાખ લોકોને પર્મેનન્ટ રેસિડન્સી (પીઆર) આપશે. ૨૦૨૪માં લગભગ ૪.૮૫ લાખ લોકોને અને ૨૦૨૫માં પાંચ લાખ લોકોને પીઆર આપવામાં આવશે. કેનેડામાં જે પ્રકારની હાઉસિંગ કટોકટી છે તેના કારણે આ સંખ્યા પર કાપ મુકાય તો પણ નવાઈ નહીં. કેનેડાના હાઉસિંગ મંત્રી સિન ફ્રેઝરે તાજેતરમાં કહ્યું કે, "દેશમાં મકાનોની એટલી અછત છે કે બધા લોકોને રહેવાની સગવડ આપી શકાય તેમ નથી. તેના કારણે ઈમિગ્રેશન પોલિસીમાં એક બેલેન્સ સ્થપાય તેવી શક્યતા છે. એટલે કે જે લોકોને પીઆર આપવાની યોજના હતી તેમાં કાપ મુકાઈ શકે છે. કેનેડાએ અત્યાર સુધી ઉદાર થઈને ઈમિગ્રન્ટ્સને આવવા દીધા છે, પરંતુ તેની સામે સગવડો ઉભી થઈ શકી નથી. તેના કારણે હાઉસિંગ, હેલ્થકેર, ઈન્ફ્રાસ્ટ્રક્ચર વગેરે પર બહુ બોજ આવી ગયો છે. હવે આ પ્રશ્નોના ઉકેલ માટે પ્રેક્ટિકલ એપ્રોચ અપનાવવો પડશે. કોવિડ પછી કેનેડામાં લેબરની અછત પેદા થઈ અને તેના કારણે ૨૦૨૨માં ઈમિગ્રેશનના ટાર્ગેટ વધારવામાં આવ્યા હતા. તેનાથી દેશનો ઈકોનોમિક ડેવલપમેન્ટ કરવામાં તો મદદ મળી પણ તેની સામે પૂરતા પ્રમાણમાં મકાનો તૈયાર કરી શકાયા નથી. કેનેડાની જસ્ટિન ટ્રૂડો સરકારે પર્મેનન્ટ રેસિડન્ટ્સ માટેના ટાર્ગેટમાં હંમેશા વધારો કર્યો છે. ગયા વર્ષે કેનેડામાં જે લોકો આવ્યા તેમાં વિદેશી સ્ટુડન્ટ્સ, ટેમ્પરરી વર્કર્સ અને રેફ્યુજી મોટી સંખ્યામાં હતા. ગયા મહિને અહીં એક સરવે કરવામાં આવ્યો હતો તેમાં ઓટાવા સ્થિત રિસર્ચરે જણાવ્યું કે ૬૧ ટકા લોકો માને છે કે કેનેડાનો ઈમિગ્રેશન ટાર્ગેટ બહુ ઊંચો છે. તેમાંથી ૬૩ ટકાએ કહ્યું કે મોટી સંખ્યામાં ઈમિગ્રન્ટ્સ કેનેડા આવી રહ્યા હોવાથી હાઉસિંગ પર તેની નેગેટિવ અસર પડે છે. હાલમાં આ દેશમાં હાઉસિંગની જે અછત છે તેના કારણે સૌથી વધારે અસર સ્ટુડન્ટને થઈ છે. ખાસ કરીને ભારતીય સ્ટુડન્ટ વધારે પરેશાન છે કારણ કે તેમનું બજેટ લિમિટેડ છે અને વધારે ખર્ચ કરી શકતા નથી. કેનેડાની મોટા ભાગની કોલેજ કે યુનિવર્સિટીમાં તેમને હોસ્ટેલમાં જગ્યા મળતી નથી અને તેના કારણે કેમ્પસની બહાર મોંઘી જગ્યાઓ પર રહેવા જવું પડે છે. કેનેડામાં કેટલાક ભારતીય સ્ટુડન્ટને રહેવા માટે જગ્યા નથી મળતી ત્યારે તેમને ઓથોરિટી દ્વારા મોટેલમાં રહેવાનું જણાવવામાં આવે છે, પરંતુ મોટા ભાગના સ્ટુડન્ટને આ ઉંચો ખર્ચ પોસાતો નથી. તેથી હાઉસિંગની કટોકટી ન ઉકેલાય ત્યાં સુધી ઈમિગ્રન્ટની સંખ્યા પર અંકુશ રાખવાનો નિર્ણય લેવાયો છે.

## દરરોજ ખજૂર ખાવાથી થાય છે અદભૂત ફાયદા

# ખજૂર પેટને સાફ કરવાથી લઈને હાડકાં કરે છે મજબૂત

નવી દિલ્હી, તા.૧૪

આપણી લાઈફસ્ટાઈલ એવી થઈ ગઈ છે કે લોકોને પેટ સંબંધિત અને હાડકાંની સમસ્યાઓ ઘણી જ જોવા મળી રહી છે. ત્યારે આજે આપણે જોઈશું કે, દરરોજ ખજૂર ખાવાથી કઈ કઈ સમસ્યાઓમાંથી છૂટકારો મળે છે. આ સાથે અહીં ખજૂર દરરોજ અલગ અલગ રસપ્રદ રીતે કઈ રીતે ખવાય તે પણ જણાવવામાં આવ્યુ છે. ખજૂરમાં પ્રોટીન, ડાયેટરી ફાઈબર, આયર્ન અને કાર્બ્સ જેવા પોષક તત્વો સહીત મેગ્નેશિયમ, મેન્ગેનીઝ, વિટામિન બી૬ અને પોટેશિયમ જોવા મળે છે. ખજૂરમાં રહેલા પોષક તત્વો શરીર માટે ખૂબ જ ઉપયોગી છે. ખજૂર ખાવાથી પેટ સાથે જોડાયેલી સમસ્યાઓમાં રાહત મળે છે. ખજૂર શરીરમાં લોહીની ઉણપ પણ પૂરી કરે છે. ખજૂરનું સેવન નિયમિત કરવામાં આવે તો તેનાથી હાડકાં અને માંસપેશીઓ પણ મજબૂત થાય છે.

ખજૂરમાં રહેલું મેગ્નેશિયમ અને વિટામિન બી૬ હાડકાંને મજબૂત બનાવે છે. તેથી તમારા આહારમાં ખજૂરનો સમાવેશ જરૂરથી કરવો જોઈએ. ત્યારે આરોગ્ય ડાયેટ એન્ડ ન્યુટ્રિશન ક્લિનિકના ડાયેટિશિયન ડૉ. સુગીતા મુત્રેજાએ એક વેબસાઈટ સાથે વાત કરતાં જણાવ્યું છે કે, હાડકાંને મજબૂત કરવા માટે ખજૂરને અલગ અલગ રીતે આપણે કઈ રીતે ખાઈ શકીએ છીએ. દરરોજ ખજૂર અને દૂધનું એકસાથે સેવન કરવાથી હાડકાં મજબૂત બને છે. આ માટે એક ગ્લાસ દૂધ લો, તેમાં ૪-૫ ખજૂર નાંખીને ઉકાળો. તમે દરરોજ રાત્રે સૂતા પહેલાં આ દૂધનું સેવન કરી શકો છો. ખજૂરમાં મેગ્નેશિયમ અને વિટામિન મ્૬ હોય છે, તેમજ દૂધ કેલ્શિયમનો સારો સ્ત્રોત છે. ત્યારે રોજ ખજૂરનું દૂધ પીવાથી હાડકાં મજબૂત બને છે. જો તમને દૂધ સાથે ખજૂર ખાવાનું પસંદ ન હોય, તો તમે ખજૂરને પાણીમાં પલાળીને પણ ખાઈ શકો છો. આ માટે ૫-૬ ખજૂર લો. તેને આખી રાત પાણીમાં પલાળી રાખો. હવે સવારે ખાલી પેટે ખજૂર ખાઓ. દરરોજ સવારે પલાળેલાં ખજૂર ખાવાથી તમારા હાડકાં મજબૂત થશે. આ ઉપરાંત ખજૂરમાં રહેલું આયર્ન લોહીની ઉણપને દૂર કરવામાં પણ મદદ કરે છે. સામાન્ય રીતે આપણે ચણાના લોટના અથવા સોજીના લાડુનું સેવન કરીએ છીએ. હાડકાંને મજબૂત કરવા માટે તમે ખજૂરના લાડુનું સેવન પણ કરી શકો છો. ખજૂરના લાડુમાં વિટામિન અને મિનરલ્સ ભરપૂર માત્રામાં જોવા મળે છે, જે શરીરને સ્વસ્થ રાખે છે. ખજૂરના લાડુ અહીં જણાવેલી રેસિપીની મદદથી સરળતાથી બનાવી શકાય છે. એક કપ ખજૂર લો. તેના બીજા કાઢીને ખડૂરને બ્લેન્ડ કરો. હવે કઢાઈમાં ઘી ગરમ કરો. તેમાં કાજુ, બદામ, કિશમિશ અને સૂકું નારિયેળ મિક્સ કરીને ગરમ કરો.

# અંબાજીમાં ભાદરવી પૂનમના મેળાની તૈયારીઓ વચ્ચે તંત્રની મોટી બેદરકારી

બનાસકાંઠા, તા.૧૪

યાત્રાધામ અંબાજી ખાતે દર વર્ષે ભાદરવી પૂનમનો મેળો ભરાતો હોય છે. જેમાં ગુજરાત સહિત દેશભરમાંથી લાખોની સંખ્યામાં માઈભક્તો અંબાજી પહોંચતા હોય છે. અંબાજીના ભાદરવી પૂનમના મેળાને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. જેથી ભાદરવી પૂનમના મેળાને લઈને સ્થાનિક તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી છે. ત્યારે અંબાજીમાં ભાદરવી પૂનમના મેળાની તૈયારીઓ વચ્ચે તંત્રની મોટી બેદરકારી સામે આવી છે. અંબાજીમાં મેળાની તૈયારીના ભાગરૂપે તંત્ર નાટક કરતું હોય તેવો ઘાટ જોવા મળ્યો છે. અંબાજીમાં રોડ પર પડી ગયેલા ખાડાને ભરવાની કામગીરી હાથ ધરાઈ છે. એટલે કે ખાડા પર ડામરના થીગડા મારવામાં આવી રહ્યા છે. તંત્રએ રસ્તો બનાવવાને બદલે ડામરના થીગડા મારીને સંતોષ માની લીધો છે. એટલું જ નહીં અંબાજીમાં રોડ પર ખાડા પુરવાની કામગીરીમાં પણ વેઠ ઉતારવામાં આવ્યો છે. રસ્તા પર પાણી ભરેલા ખાડામાં ડામર ઠાલવતા અનેક સવાલો ઉઠ્યા છે. પાણીમાં ડામર નાખતા ડામર રોડ પર ચોટશે કે નહીં તે પણ એક મોટો સવાલ છે. આપને જણાવી દઈએ કે, આગામી ૨૩થી ૨૯ સપ્ટેમ્બર સુધી આ રસ્તાઓ પરથી લાખો લોકો પસાર થવાના છે. ત્યારે આ થીગડા મારેલો રોડ ભાદરવી પૂનમ સુધી ટકશે કે નહીં તે અંગે પણ સવાલો ઉઠ્યા છે. કારણ કે કામદારો દ્વારા રોડ પર પાણી ભરેલું હોવા છતાં ડામર પાથરી દેવામાં આવ્યો છે. રસ્તા પરના ખાડા ભરવામાં વેઠ વારવામાં આવ્યો છે. જ્યાં પાણીનો મોટો ખાડો ભરાયેલો હતો, તેમાંથી પાણી કાઢીને પછી તેમાં ડામર નાખવાને બદલે પાણીમાં જ ડાયરેક્ટ ડમ્પરથી ડામર ઠાલવવામાં આવ્યો. ત્યારે પાણીમાં ડામર નાખતા ડામર રોડ પર ચોટશે કે નહીં તે પણ એક મોટો સવાલ છે.

# આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

જીવનમાં શિક્ષણ કરતાં ચારિત્ર્યની કિંમત વધુ છે.

- હબર્ટ સ્પેન્સર

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.ફરવરદીન-૧૩૯૩, મુ. સફર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, શ્રાવણ વદ-૩૦ બૃહસ્પતિ પૂજન, પીઠોરી અમાવસ્યા, દર્શ અમાવસ્યા, વૃષભપૂજન, માતૃકા દિન, અમાસની વૃધ્ધિ છે, કુશ ગ્રાહિણી અમાવસ્યા, મુ. શહાદતે ઈમામહસન તા.૧૪ સપ્ટેમ્બર ૨૦૨૩, ગુરૂવાર, પારસી તા.૩૦, મુસ્લિમ તા.૨૮, પૂર્વાફાલ્ગુની નક્ષત્ર, સાધ્ય યોગ, ચતુષ્પાદ કરણ, સૂ.ઉ.૬:૩૮, સૂ.અ.૬:૫૫

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : પ્રવાસ-પર્યટન થાય. આર્થિક સમસ્યાનો ઉકેલ મળે.
વૃષભ : મહત્વના કાર્યો અટકી પડે. ગૃહસ્થીજીવનમાં ચકમક ઝરે.
મિથુન : ખર્ચમાં વધારો થાય. આર્થિક સમતુલા ખોરવાઈ જાય.
કર્ક : અગત્યના કાર્યોમાં રૂકાવટ આવે. મનની મુરાદ બર ન આવે.
સિંહ : સ્નેહિથી મતભેદ સર્જાય. કૌટુંબિક મહત્વના પ્રશ્નોનો ઉકેલ મળે.
કન્યા : પડવ-વાગવાથી સંભાળવું. નવિન તક મળે.
તુલા : પુરૂષાર્થ વધારવાથી કાર્યમાં સફળતા મળે. અકારણ ચિંતા રહે.
વૃશ્ચિક : વાણી સંયમ જાળવવો હિતાવહ. વ્યર્થ ક્રોધના ભોગ બનવું પડે.
ધન : પારિવારીક જીવનમાં આનંદ રહે. મનની મુરાદ પૂરી થાય.
મકર : સ્વજનથી મિલન-મુલાકાત થાય. કૌટુંબિક કાર્યમાં સફળતા મળે.
કુંભ : આવક કરતા જાવક વિશેષ રહે. અંગત મૂંઝવણ અનુભવાય.
મીન : આર્થિક સમસ્યા હળવી બને. નોકરી-ધંધાને લગતી યોજનામાં સફળતા મળે.

# દ્રઢ શ્રધ્ધાની તાકાત

એક નાનકડા ગામમાં એક શિવભક્ત રહેતો હતો. તે કાયમ પોતાનું મન શિવજીમાં જોડી ૐ નમઃ શિવાયએ મંત્રનો સમયસર જાપ કરતો. શિવજીના લિંગ પર જળ, દૂધ, પંચામૃતનો અભિષેક કરતો અને બિલી, ચંદન અને કરણના ફુલ તથા ધતુરાના ફુલ ચડાવી નૈવેધ ધરી, આરતી કરતો.



તે પોતાની ભકિતમાં મસ્ત રહેતો હતો. એકવાર નારજદજી તેની પાસે આવી ચડ્યા. નારદજી તે ભક્તને પૂછયું કે, " હે ભક્તરાજ , તમે અહી પૃથ્વી લોક પર એક નિષ્ઠ થઈને ભગવાન શંકરની ભકિત કરો છે. તે હું સારી રીતે જાણે છું પરંતુ તમારી આ ભકિત તમે શું ફળ મેળવવા માટે કરો છો. ત્યારે ભક્તરાજ બોલ્યા કે , હે દેવર્ષિ નારદજી, હું તો એક નાનકડો ભક્ત છું. મને તો માત્ર પાર્વતી પતિ સદાશિવના દર્શન થઈ જાય તોય ઘણું. હે નારદજી જો આપ મારા પર કૃપા કરી મને એ કહો કે, મને શિવજીના દર્શન થશે કે નહીં. હું અભાગી જીવતો નથી ને ? ત્યારે નારદજીએ કહ્યું હું તારા પ્રશ્નનો જવાબ આજ થી બરાબર આઠમે દિવસે આપીશ. એમ કહી નારદજી તો અંતરધ્યાન થઈ ગયા. પછી શિવલોકમાં જઈ નારદજીએ માતા ભવાની સાથે બિરાજમાન એવા ભગવાન શંકર પાસે ભક્તરાજની વાત કરી અને કહ્યું કે, " હે મહાદેવ આપ તેને ક્યારે દર્શન આપશો ? "

શિવજીએ જવાબ આપ્યો કે, તે ભક્ત જયાં મારી પૂજા કરે છે ત્યાં એક વડનું ઝાડ છે એ વડના ઝાડમાં જેટલા પાન છે તેટલા જન્મ પછી હું તેને સાક્ષાત દર્શન આપીશ. નારદજી શિવજીને પગે લાગી અને નિકળ્યા. બરાબર આઠમે દિવસ ફરી નારદજીએ ભક્તરાજ પાસે આવ્યા અને શિવજીએ આપેલા જવાબમાં તેની પાસે વર્ણન કર્યું. ભકતરાજે સાંભળ્યું અને તે નાચવા લાગ્યા. અને બોલવા લાગ્યાં ગમે ત્યારે પણ શિવજીના દર્શન તો થશે ને ..... ! ભક્તરાજની શ્રધ્ધા દ્રઢ બની ને નાચતા હતા ત્યાંજ માતા પાર્વતી સહિત ભગવાન શિવજી ત્યાં પ્રગટ થયા, ભક્તરાજ શિવ પાર્વતી ના ચરણોમાં પડી ગયા. તેની આંખોમાંથી અશ્રુધારાઓ વહેવા લાગી. તેના વડે શિવજી પાર્વતીજીના ચરણાર્વત ધોવાયા. શિવજીએ

ભક્તરાજનને બેઠા કર્યા. ત્યારે નારદજીએ કહ્યું કે, પ્રભુ તમે તો બહુ જન્મ પછી ભકત રાજને સાક્ષાત દર્શન દેવાના હતા તે બદલ આજ કેમ દર્શન આપી દીધા ? શિવજી મંદ મંદ સ્મિત કરતાં બોલ્યા, હે નારદ તે વાત ખરી છે કે હું ભક્તરાજને તેના કેટલા જન્મો બાદ સાક્ષાત દર્શન આપવાનો હતો. પરંતુ ભક્તરાજની શ્રધ્ધા તમારી સાથે સત્સંગ થવાથી ખૂબ જ દ્રઢ બની ગઈ તેની દ્રઢ શ્રધ્ધાના બળે મારે આજે તેને દર્શન દેવા આવું પડયું.

આમ, દ્રઢ શ્રધ્ધાના બળે ભક્તરાજ સાક્ષાત પાર્વતી સહિત શિવજીના દર્શન કર્યા.

## શ્રાવણ સત્સંગ

# ઉપમન્યુએ શિવજીને પ્રસન્ન કર્યા



એક દિવસ ભગવાન શ્રી કૃષ્ણ પોતાના સ્થાને એકાંતમાં બિરાજમાન થયેલા. એવા સમયે એક મહાત્મા પધાર્યા. તેજસ્વી એવા મહાત્માને આવતા જોઈ અને શ્રી કૃષ્ણએ તેમને આદર સહિત આવકાર આપી અને બેસવા માટે આસન પણ આપ્યું. પછી શરૂ થયો સત્સંગ. ભગવાન શ્રી કૃષ્ણએ આદર સાથે પૂછ્યું, આપશ્રીનું શુભ નામ....ઉપમન્યુ મહાત્માએ જવાબ આપ્યો. ભગવાન શ્રી કૃષ્ણએ બીજો પ્રશ્ન પૂછયો, તમારા ઈષ્ટ દેવ કોણ ? મહાત્મા ઉપમન્યુએ જવાબ આપતા સમગ્ર કથા કહી સંભળાવી. ઉપમન્યુ બોલ્યા તમે ખૂબ જ સુંદર પ્રશ્ન પૂછ્યો છે. મને ખૂબ જ આનંદ થયો. મેં ધણા વર્ષો સુધી તપ કરેલું તે તપના પ્રભાવથી મારા ઈષ્ટદેવ એવા ભગવાન શ્રી શંકરે મને દર્શન આપ્યા.

પ્રભુસત્યાદી ત્રણ ગુણ વડે શોભાયમાન, નિરંતર સુખ સ્વરૂપ, એક પાદ, મહાદ્રષ્ટા વડે ભયંકર પ્રકાશીત, કિરણોથી અલંકૃત, અનેક નેત્ર, હજાર ચરણને ધારણ કરનારા, કલ્પાંત સમયે જગતનો નાશ કરનારા એવા તે દર્શન તપમાં બેઠા બેઠા મને થયું તેમની પાસે ત્રિશુલ પણ હતું. આ એ જ ત્રિશુલ હતું કે પૂર્વે જેના વડે યોવનાશ્વનો નાશ થયેલો અને માંધાતનો નાશ પણ આજ ત્રિશુલ વડે થયેલો. તે શત્રુઘ્નના હાથેજ લાવણાસુરનો નાશ આ ત્રિશુલ વડે કર્યો હતો. તેના વડે પાપીઓનો આતતાયીઓનો નાશ થતો હોઈ તેવા લોકો માટે તે ભયંકર કહેવાયું. બીજીબાજુ પરસુ હતું. તેમના એક હથમાં પાસ અને બીજા હાથમાં સર્પ હતું. આ પ્રમાણેનું કલ્પાંત સ્વરૂપ છે.

આ ઉપરાંત તેની આસપાસ સુદર્શનચક્ર, વજ શકિત, તુણીર, ખડગ, પાસ, અંકુશ અને ગદા વગેરે અસ્ત્રો પડ્યા હતા. ડાબા હાથ તરફ લોકના પિતામહ બ્રહ્માહંસ પર બિરાજમાન હતા. બીજી તરફ ગરુડજી પર બિરાજતા અને ચતુર્ભુજ સ્વરૂપ કે જેના ચારેય હાથમાં અનુક્રમ શંખ, ચક્ર, ગદા, અને પદ્મ ધારણ કર્યું. ભગવાન વિષ્ણુ બિરાજમાન હતા.

દેવી પાર્વતીજીની સેવમાં કુમાર એવા કાર્તિક સ્વામિ હાથમાં શકિત લઈ મયુર(મોર) ઉપર બિરાજમા હતા. નંદિકેશ્વર હાથમાં ત્રિશુલ લઈ શંકર પાસે ઊભા હતા. સર્વે ભુતગણ અને જુદી જુદી મતૃકાઓ ત્યાં ઉપસ્થિત હતા. દેવગણી આસપાસ ઊભી અને ભગવાનની સ્તુતિ કરતા હતા. અર્થાત આ જગતમાં જે કંઈ વસ્તુ હતી તે બધી જ ભગવાન શંકરની પાસે જોવામાં આવી હતી. તે જોઈને તથા ભગવાન શંકરનું ડરાવનારું સ્વરૂપ જોઈને પણ ગભરાયા વિના ધીરજ ધરી જુદા જુદા સ્ત્રોતો વડે ખરા અંતઃકરણ પૂર્વક શ્રી શંકરજી સ્તુતિ કરતો રહ્યો. તેથી આખરે પ્રસન્ન થઈ ભગવાન શ્રી શંકરે મને કહ્યું, "બેટા , તારી ભક્તિ સ્થિર છે અને તે ખેરો હૃદયથી મારી ભકિત કરી છે માટે તારી જે કંઈ ઈચ્છા હોય તે તું મને કહે તો, હું તે જરૂર પરિપૂર્ણ કરીશ." ત્યારે મેં બે હાથ જોડી તેમને દંડવત પ્રણામ કર્યા અને મેં કહ્યું, જો પ્રભુ તમે મારા ઉપર પ્રસન્ન થયા હોવ તો હે દેવાધીદેવ મારી તમારી ઉપર એકનિષ્ઠ ભકિત હોય તો તમે મને ત્રિકાલજ્ઞાન આપો. તમારી ઉપર મારી તથા મારા વંશની તમારા ઉપર કાયમ શ્રધ્ધા બની રહે. મારા વંશમાં સૌને સુખ થાય. મારા આ વાક્યો સાંભળો અને શ્રી શંકર બોલ્યા કે, " બેટા તને જરાય મરણનો ભય રહેશે નહીં અને સૌ તમને એક વિદ્વાન તરીકે માન્યતા આપશે. શીલ, રૂપ, ગુણ વગેરે મારી કૃપાથી તને અનુસરસે, તું જયાં ઈચ્છા કરીશ ત્યાં દૂધનો સાગર પ્રગટશે. આ વૈવરવત નામના કલ્પ છે. તેમાં તારા કુટુંબીઓ, બંધુઓ આબાદ રહેશે. જયારે જયારે તું તારા આશ્રમ ક્ષેત્રે મારું સ્મરણ કરીશ. ત્યાર ત્યાર હું તારી સાથે જ હોઈશ તારી મારી ઉપર ભકિત નિશ્ચલ થશે તેવા તને મારા આશિર્વાદ છે.' કહી ભગવાન શંકર અંતરધ્યાન થઈ ગયા.

આમ, ભગવાન શ્રી શંકર મારા ઈષ્ટદેવ છે અને તેમણે જ મને ભૂત, ભવિષ્ય અને વર્તમાન એમ ત્રણે કાળનું જ્ઞાન આપેલ છે.

**કનકચંદ્ર છગનલાલ વ્યાસ**
**દેવેન કનકચંદ્ર વ્યાસ**

# જ્ઞાન સહાયક માટે પ્રાથમિકમાં ૧૮,૫૯૮ અને માધ્યમિકમાં ૧૯,૦૫૦ ફોર્મ ભરાયા

## પ્રાથમિકમાં હવે જ્ઞાન સહાયક બનવા માટે ઉમેદવારો ૧૭મી સુધી ફોર્મ ભરી શકશે

અમદાવાદ, તા.૧૪

રાજ્યની શાળાઓમાં ધોરણ ૯ અને ૧૦માં કરાર આધારીત જ્ઞાન સહાયક માટે રાજ્યમાંથી કુલ ૧૯૦૫૦ ફોર્મ ભરાયાં છે. જ્યારે પ્રાથમિકમાં જ્ઞાન સહાયક બનવા માટે ૧૮૫૯૮ ઉમેદવારોએ અત્યાર સુધી ફોર્મ ભર્યા છે. સોમવારે પ્રાથમિક અને માધ્યમિકમાં જ્ઞાન સહાયક બનવા માટે ફોર્મ ભરવાની મુદત પુર્ણ થઈ હતી. જેમાં પ્રાથમિક વિભાગમાં ફોર્મ ભરવાની મુદતમાં વધારો કરાયો છે. જે અનુસાર હવે પ્રાથમિક માટે ૧૭ સપ્ટેમ્બર સુધી ફોર્મ ભરી શકાશે. જેથી પ્રાથમિક વિભાગમાં હજુ ફોર્મની સંખ્યામાં વધારો થશે. એક બાજુ જ્ઞાન સહાયકને લઈને ઉમેદવારો વિરોધ કરી રહ્યા છે, જ્યારે બીજી બાજુ વિભાગના દાવા પ્રમાણે મોટાભાગના ઉમેદવારોએ ભરતી માટે ફોર્મ ભર્યા છે. રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા ૧૧ મહિનાના કરાર આધારીત જ્ઞાન સહાયકની નિમણૂક માટેનો નિર્ણય લીધો હતો. જ્ઞાન સહાયક માટે પ્રાથમિકમાં નવી લેવાયેલી ટેટ તેમજ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક માટે દ્વીસ્તરીય પરીક્ષા પદ્ધતિથી પાસ થયેલા ઉમેદવારોનેજ લાયક ઠેરવવાની જોગવાઈ કરવામાં આવેલી છે. કરાર આધારીત આ ભરતી કેન્દ્રીયકૃત રીતે હાથ ધરવાની હોવાથી પ્રથમ તબક્કામાં માધ્યમિક અને પ્રાથમિક માટેના જ્ઞાન સહાયકના ફોર્મ ભરવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. માધ્યમિક માટે ૪ સપ્ટેમ્બરના રોજ મુદત પૂર્ણ થતી હતી પરંતુ ૧૧મી સુધી લંબાવી હતી. આ દરમ્યાન માધ્યમિકમાં ૧૯૦૫૦ ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે. જ્યારે પ્રાથમિકમાં પણ ફોર્મ ભરવાની મુદત પુર્ણ થઈ હતી, પરંતુ પ્રાથમિકમાં ફોર્મ ભરવાં માટેની મુદત ૧૭ સપ્ટેમ્બર સુધી લંબાવવામાં આવી છે. સોમવાર સુધીમાં પ્રાથમિકમાં ૧૮૫૯૮ ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે. જોકે, હવે મુદતમાં વધારો થતાં ફોર્મની સંખ્યામાં પણ વધારો થશે. એક બાજુ જ્ઞાન સહાયકને લઈને રાજ્યમાં ભારે વિરોધ ચાલી રહ્યો છે ત્યારે મોટી સંખ્યામાં ફોર્મ ભરાયા હોવાના દાવા થઈ રહ્યા છે.

# DRIએ નવી મુંબઈના JNPT પોર્ટ ઉપરથી ૩૨ કરોડ રૂપિયાની સોપારીની દાણચોરીનો જથ્થો જપ્ત કર્યો

મુંબઈ તા.૧૪

ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI)એ નવી મુંબઈમાં જવાહરલાલ નહેરૂ પોર્ટ ટ્રસ્ટ (JNPT) ખાતે કાર્ગોને કેલ્શિયમ નાઈટ્રેટ તરીકે ખોટી રીતે જાહેર કરીનેદાણચોરી કરવામાં આવતા રૂા.૩૨ કરોડની સોપારી જપ્ત કરી છે. બાતમીના આધારે, ડીઆરઆઈએ ૩૧ ઓગસ્ટના રોજ તાલેગાંવમાં આંતરદેશીય કન્ટેનર ડેપો માટે નિર્ધારિત ૧૪ કન્ટેનરને અટકાવ્યા હતા. આયાત દસ્તાવેજોમાં કન્ટેનરમાં કેલ્શિયમ નાઈટ્રેટ હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું. જો કે, તેની તપાસ કરવામાં આવતા આ જાણકારી ખોટી સાબિત થઈ હતી અને તમામ કન્ટેનરમાં આશરે રૂા.૩૨.૩૧ કરોડની કિંમતના સોપારી ભરવામાં આવી હતી. આ માલસામાનને ખોટી રીતે જાહેર કરીને તેની દાણચોરી કરવામાં આવી રહી હતી. એરેકા નટ્સ ઉપર ૧૧૦% અસરકારક કસ્ટમ ડ્યુટી છે, તેથી આ ડ્યુટી ચોરીનો પ્રયાસ છે અને જેનું મૂલ્ય આશરે રૂા.૩૬ કરોડ છે. ૧૦,૩૭૯ USD પ્રતિ ટનના ભાવે, ૩,૭૧,૦૯૦ કિલો જપ્ત કરવામાં આવી છે જેની કિંમત ૩૨ કરોડ રૂપિયા થાય છે.

# રાજ્યમાં વધુ નવા ઉદ્યોગો સ્થાપવા માટે ૪૦૦૦ કરોડથી વધુ રોકાણો માટે MoU

ગાંધીનગર, તા.૧૪

ગુજરાતને બેસ્ટ ડેસ્ટિનેશન ફોર ઈન્વેસ્ટમેન્ટ માટે બેંચમાર્ક તરીકે પ્રસ્થાપિત કરતી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની દસમી શ્રેણી જાન્યુઆરી ૨૦૨૪માં યોજાવાની છે. રાજ્ય સરકારે આ સમિટને સફળ બનાવવા માટેના શ્રેણીબદ્ધ આયોજન હાથ ધર્યા છે. જે અંતર્ગત વાયબ્રન્ટ સમિટના પૂર્વાધરૂપે અત્યારથી જ દર અઠવાડિયે વિવિધ ઉદ્યોગ રોકાણકારો સાથે રાજ્યમાં ઉદ્યોગો સ્થાપવા માટેના MoUનો ઉપક્રમ હાથ ધરાયો છે. જેમાં છઠ્ઠા તબક્કામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગતરોજ સોમવારે એક જ દિવસમાં રૂા.૪ હજાર કરોડથી વધુના રોકાણો માટે સાત MoU થયા છે. તેનાથી ૨૫ હજારથી વધુ રોજગારીની તકોનું નિર્માણ થશે. અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે, વાયબ્રન્ટ સમિટ ૨૦૨૪ના પૂર્વાર્ધરૂપે પ્રતિ સપ્તાહે યોજવામાં આવતા MoU સાઈનીંગ ઉપક્રમની પાંચ કડીમાં રાજયમાં વિવિધ ઉદ્યોગોની સ્થાપના માટે કુલ રૂા. ૮,૩૭૩ કરોડના રોકાણોના ૧૯ MoU સંપન્ન થયા હતા. આ ઉદ્યોગો શરૂ થવાથી કુલ ૨૪,૩૦૦થી વધુ સંભવિત રોજગાર અવસરો આવનારા દિવસોમાં મળતા થશે. દરમ્યાન ગતરોજ ટેક્ષટાઈલ, ઈન્ડસ્ટ્રીયલ પાર્ક, કેમિકલ્સ ઉદ્યોગ માટે કુલ રૂા. ૪ હજાર કરોડથી વધુના સંભવિત મૂડી રોકાણ અને ૨૫ હજારથી વધુ રોજગાર અવસર ઉપલબ્ધ કરાવતા MoU થયા હતા. આ MoU અનુસાર અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના ગાંગડ ગામે ડેનિમ ડાઈંગ અને પ્રોસેસીંગ યુનિટ શરૂ કરવા માટે શ્યામ ફેશન ઈન્ડિયા પ્રા.લિ. દ્વારા રૂા.૧૦૩.૨૫ કરોડનું રોકાણ કરવામાં આવશે. સુરત જિલ્લામાં ટેક્ષટાઈલ યુનિટ કાર્યરત કરવા માટે જનરલ પોલિટેક્ષ પ્રા.લિ. દ્વારા રૂા. ૨૫૦ કરોડનું રોકાણ કરવામાં આવશે તથા અંદાજે ૫૦૦ જેટલી રોજગારી પ્રાપ્ત થશે. સુરતમાં અન્ય એક ટેક્ષટાઈલ યુનિટ સ્થાપવા APL કોર્પોરેશન પ્રા.લિ. દ્વારા રૂા. ૧૫૩.૯૮ કરોડનું રોકાણ કરવામાં આવશે. આ ઉપરાંત ભરૂચ જિલ્લાના વાગરા તાલુકાના પખાજણમાં ૫૪૬ હેક્ટર વિસ્તારમાં ઈન્ડસ્ટ્રીયલ પાર્ક સ્થાપવા માટે રૂા. ૪૫૦ કરોડના રોકાણો માટેના MoU પાય પ્રોપર્ટીઝ પ્રા. લિ. કર્યા હતા. આ પાર્કમાં ૧૫ હજાર લોકોને રોજગારી મળશે. સુરતના પલસાણા તાલુકાના ઈંટાળવા ખાતે ૩.૩૧ લાખ ચોરસ મીટર વિસ્તારમાં એક ઔદ્યોગિક પાર્ક માટે આંતર માળખાકીય સુવિધાઓ વિકસાવવા અંગે રૂા. ૧૧૯.૯૩ કરોડના રોકાણો સાથે MoU થયા છે. ૫૮૨ પ્લોટની ઉપલબ્ધિ સામે અંદાજે ૭ હજાર રોજગારીની તકો અહીં ઉપલબ્ધ થશે. આ પાંચ MoU ઉપરાંત કેમિકલ ક્ષેત્રે રૂા. ૩૦૦૦ કરોડના રોકાણો માટે બે MoU થયા હતા. ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં એગ્રોકેમિકલ્સ, હાઈપરફોર્મન્સ પોલિમર્સ અને પીગમેન્ટ્સના ઉત્પાદન માટે ઘરડા કેમિકલ્સ લિમિટેડ દ્વારા રૂા. ૨૬૦૦ કરોડના રોકાણ માટે MoU કર્યા હતા. આ રોકાણથી બે હજાર રોજગારીની તકોનું સર્જન થશે. કેમિકલ ક્ષેત્રે અન્ય એક કંપની યશો ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ભરૂચના વાગરા તાલુકાના પખાજણ ગામે રબર કેમિકલ્સ, લુબ્રિકન્ટ એડિટિવ્સ તથા સ્પેશિયાલિટી કેમિકલ્સના ઉત્પાદન માટે રૂા. ૪૦૦ કરોડનું રોકાણ કરવામાં આવશે. ઉદ્યોગકારોએ સરકારની પ્રશંસા કરતાં કહ્યું હતું કે, રાજ્યમાં સરળતાએ ઉદ્યોગો શરૂ કરી શકાય તેવું પ્રો-એકટીવ એડમિનિસ્ટ્રેશન, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ માટે સરળ પ્રક્રિયા, વહીવટી સરળતા વગેરેની સક્રિય ભૂમિકા રહેલી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ તકે જણાવ્યું કે, રાજ્યમાં ઉદ્યોગ રોકાણકારોને ત્વરાએ ઉદ્યોગો શરૂ કરવામાં સરળતા રહે તેવું વાતાવરણ બન્યું છે અને ઉદ્યોગકારોને મુશ્કેલી ન પડે તથા સરકાર અને ઉદ્યોગો સાથે મળીને રાજ્યના વિકાસની ગતિ વધુ વેગવંતી બનાવે તેવી આપણી નેમ છે. રાજ્ય સરકાર વતી ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ એસ.જે. હૈદર તેમજ ઉદ્યોગકારો વતી ઉદ્યોગ સંચાલકોએ હસ્તાક્ષર કર્યા હતા. આ પ્રસંગે મુખ્ય અગ્રસચિવ કૈલાસનાથન, મુખ્ય સચિવ રાજકુમાર, ઉદ્યોગ કમિશ્નર સંદીપ સાંગલે તથા અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ખેલ દેખાડ્યા પછી ઓછી કમાણીથી નારાજ થયેલા ચાર મદારીઓએ મુસાફરોને ડરાવવા માટે ટ્રેનમાં સાપ છોડી મૂક્યા

કાનપુર, તા.૧૪

ઉત્તરપ્રદેશમાં ચંબલ એક્સપ્રેસ ટ્રેનમાં પોતાની કલાના પ્રદર્શન પછી તેઓને થયેલી ઓછી કમાણીથી નિરાશ થયેલા ચાર મદારીઓએ મુસાફરોના જૂથને ડરાવવા માટે ડબ્બામાં સાપ છોડી મૂક્યા હતા. વ્યાપક શોધખોળમાં કોઈ સાપ ન મળતા ચંબલા એક્સપ્રેસને ગ્વાલિયર જવાની મંજૂરી આપવામાં આવી હતી. આ ઘટના બની તેના ૩૦ મિનિટ સુધી, ટ્રેનના આ કમ્પાર્ટમેન્ટમાં અંધાધૂંધી ફેલાઈ ગઈ હતી કારણ કે મુસાફરો ઉપરની બર્થ ઉપર જવા માટે પડાપડી કરી રહ્યા હતા. એક મુસાફર ધીરજ કુમારે જણાવ્યું હતું કે, આ દુઃસ્વપ્નનો અંત ન આવે ત્યાં સુધી કેટલાક મુસાફરો વોશરૂમમાં પણ સંતાયા હતા. મહોબા જિલ્લાના મલકપુરા ગામમાં રહેતા કુમારે જણાવ્યું હતું કે હાવડા અને ગ્વાલિયરની વચ્ચે ચાલતી ટ્રેનમાં બાંદા સ્ટેશન ઉપર મદારીઓ ચડ્યા હતા અને ૬૦ મિનિટ પછી મહોબાના આગલા સ્ટોપ ઉપર ઉતર્યા હતા. જ્યારે તેઓએ ટોપલીનું ઢાંકણું ખોલ્યું અને એક સાપ નીકળ્યો હતો, તેઓ તેમની વાંસળી વગાડતા હતા અને પ્રદર્શન શરૂ કર્યું હતું. આ પ્રદર્શન સમાપ્ત થયા પછી, તેઓએ મુસાફરો પાસે પૈસા માંગ્યા હતા. કેટલાક લોકોએ પૈસા આપ્યા, કેટલાકે ના પાડી હતી. પરંતુ આ સપેરાઓએ કેટલાક એવા લોકો સાથે દલીલ કરી હતી જેમણે પૈસા આપવાનો ઈનકાર કર્યો હતો. પછી તેઓએ ડબ્બામાં અચાનક સાપ છોડી દીધા હતા. એ પછી કોઈએ રેલવે કંટ્રોલ રૂમને ફોન કર્યો હતો. મહોબા સ્ટેશન પર સરકારી રેલવે પોલીસના પ્રભારી અખિલેશ પ્રતાપ સિંહે જણાવ્યું કે તેમને રેલવે કંટ્રોલ રૂમમાંથી સાપ છોડવામાં આવ્યા હોવાની માહિતી મળી હતી. આખરે આ સપેરાઓએ જે સાપ છોડ્યા હતા તેને પકડી લીધો અને ટ્રેનના બાંદા પછીનું સ્ટોપ મહોબા સ્ટેશનમાં પ્રવેશે તે પહેલાં જ ટ્રેનમાંથી ઉતરી ગયા હતા. સિંહે કહ્યું કે, અમે મહોબા રેલ્વે સ્ટેશન ઉપર મુસાફરો સાથે વાત કરી અને તેઓએ આ ઘટનાની પુષ્ટિ કરી હતી. સાપે કોઈ મુસાફરને ડંખ માર્યો ન હતો પરંતુ લોકો માટે નોંધપાત્ર મુશ્કેલી ઊભી કરી હતી. સુરક્ષા કર્મચારીઓએ કમ્પાર્ટમેન્ટની વ્યાપક શોધખોળ હાથ ધરી હતી પરંતુ તેઓને કોઈ સાપ મળી આવ્યો ન હતો. સિંહે કહ્યું કે ગ્વાલિયર તરફ જતી ટ્રેનને તેની મુસાફરી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવી હતી. ટૂંક સમયમાં જ આ સપેરાઓની ઓળખ કરવામાં આવશે.

# જામનગરની સિવિલ હોસ્પિટલમાં ચાલુ ઓપરેશને ફોટોગ્રાફી કરનાર બંને ડોક્ટરને સસ્પેન્ડ કરવામાં આવ્યા

અમદાવાદ, તા.૧૪

જામનગરની સિવિલ જીજી હોસ્પિટલમાં ચાલુ ઓપરેશને ફોટોગ્રાફી કરનાર બંને ડોક્ટરને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે અને આ સમગ્ર મામલે તપાસ સમિતિની રચના કરવામાં આવી છે, જેમાં ત્રણ સિનિયર ડોક્ટરોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ચાલુ ઓપરેશને ફોટોગ્રાફી કરનાર ડો. પ્રતીક અને ડો.ઈશ્વરને હાલ પૂરતા સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. આ અંગે જામનગર મેડિકલ કોલેજના ડીન ડો.નંદિની દેસાઈએ જણાવ્યું હતું કે સર્જરી વિભાગમાં લાંબા સમય બાદ કોઈ દર્દીની સર્જરી થઈ રહી હતી, જેથી બંને ડોક્ટરોએ આનંદના અતિરેકમાં આવીને ફોટોગ્રાફી કરી હતી અને બાદમાં આ ફોટો વાયરલ થયા હતા. ડીને કહ્યું કે ઓપરેશન થિયેટરમાં શરૂ ઓપરેશને ફોટોગ્રાફી કરવી સંસ્થા અને નિયમો વિરુદ્ધ છે. આ ફોટોગ્રાફી કરનાર ડોક્ટરો પાસે ખુલાસો મંગાવામાં આવશે અને બાદમાં કાર્યવાહી કરવામાં આવશે. જામનગરની જીજી સિવિલ હોસ્પિટલમાં ચાર દિવસ પહેલા એક બ્રેઈન સ્ટ્રોકનો ભોગ બનેલી મહિલાને ગંભીર હાલતમાં દાખલ કરવામાં આવી હતી, મોડી રાત્રે આ મહિલાનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. તે દરમ્યાન આ ડોક્ટરોએ ન્યુરોસર્જન ડોક્ટરની હાજરીમાં ફોટોગ્રાફી કરી હતી.

# સંસદના વિશેષ સત્રનો હેતુ મુંબઈને મહારાષ્ટ્રથી અલગ કરવાનો : કોંગ્રેસ

નવી દિલ્હી, તા.૧૪

કોંગ્રેસના મહારાષ્ટ્ર એકમે દાવો કર્યો હતો કે, સંસદનું આગામી વિશેષ સત્ર 'દેશના વિભાજન અને મુંબઈને મહારાષ્ટ્રથી અલગ કરવાના' એજન્ડા સાથે બોલાવવામાં આવ્યું છે. પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ નાના પટોલેએ કહ્યું કે, ૧૮-૨૨ સપ્ટેમ્બરના સત્ર માટે હજુ સુધી કોઈ એજન્ડાની જાહેરાત કરવામાં આવી નથી. તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકારે વિપક્ષ અને સંસદીય બાબતોની સમિતિ સહિત કોઈને પૂછ્યા વિના આ સત્ર બોલાવ્યું છે. કોવિડ-૧૯ કટોકટી, નોટબંધી, મણિપુર હિંસા દરમ્યાન આવા કોઈ વિશેષ સત્રો બોલાવવામાં આવ્યા ન હતા, તો પછી હવે શા માટે ? પટોલેએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે, સત્રનો હેતુ 'દેશને વિભાજિત કરવાનો અને મુંબઈને મહારાષ્ટ્રથી અલગ કરવાની મોદી સરકારની યોજનાને આગળ ધપાવવાનો છે અને તેને કેન્દ્રશાસિત પ્રદેશ જાહેર કરવાનો છે.' તેમણે સંકેત આપ્યો હતો કે, મુંબઈ વૈશ્વિક મહત્ત્વ ધરાવતું શહેર છે, દેશનું આર્થિક કેન્દ્ર છે, રાજ્ય અને રાષ્ટ્રનું ગૌરવ છે અને ભાજપ છેલ્લાં નવ વર્ષથી તેનું મહત્ત્વ વ્યવસ્થિત રીતે ઘટાડીને તેના ઉપર નજર રાખી રહ્યું છે. તેમણે કહ્યું કે, 'આ લાંબા સમયથી ચાલી રહ્યું છે. ગ્લોબલ ફાયનાન્સિયલ સેન્ટરને ગુજરાતમાં લઈ જવામાં આવ્યું છે, હીરા ઉદ્યોગને ત્યાં ખસેડવામાં આવ્યો છે, એર ઈન્ડિયાનું મુખ્ય મથક પણ ખસેડવામાં આવ્યું છે. હવે એવું કહેવાય છે કે, મહારાષ્ટ્રમાંથી 'મુંબઈને અલગ' કરવાના મોટા કાવતરાના ભાગરૂપે બોમ્બે સ્ટોક એક્સચેન્જ અને નેશનલ સ્ટોક એક્સચેન્જને સ્થાળાંતરિત કરવાની યોજના છે.' પટોલેએ એવી પણ દલીલ કરી હતી કે, ભૂતપૂર્વ મુખ્યપ્રધાન ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (યુબીટી)-કોંગ્રેસ-રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીની મહાવિકાસ અઘાડી સરકારના શાસન દરમ્યાન આ બધું શક્ય નહોતું, જેનું કારણ હતું કે કેન્દ્રની મદદથી રાજ્યપાલ દ્વારા તેને તોડી પાડવામાં આવી હતી. જો કે, જ્યારથી મુખ્યમંત્રી એકનાથ શિંદેની સરકારે સત્તા સંભાળી ત્યારથી મુંબઈ અને મહારાષ્ટ્રના ઘણા મોટા-મોટા પ્રોજેક્ટ ગુજરાતને 'હાઈજેક' કરી દેવાયા છે. શિંદે કે નાયબ મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આ બધાનો વિરોધ કરવાની હિંમત કરી નથી.' તેમણે કહ્યું કે, જો શિંદે-ફડણવીસ-અજિત પવારમાં હિંમત હોય તો તેઓએ શહેર અને રાજ્યના લોકોને નુકસાન પહોંચાડવા માટે તમામ મોટા પ્રોજેક્ટ્સ, સંસ્થાઓ અને ઓફિસોને મુંબઈની બહાર લઈ જવા બદલ વડાપ્રધાનને સવાલ કરવો જોઈએ.

## મુંબઈથી ગુવાહાટી જઈ રહેલી ફ્લાઈટની ઘટના

# વિમાનમાં સાથે બેઠેલી મહિલા સાથે શારીરિક છેડછાડ કરવા બદલ એક શખ્સની ધરપકડ

### મહિલાને ઊંઘ દરમ્યાન બાજુમાં બેઠેલા પેસેન્જરે પ્રાઈવેટ પાર્ટ ઉપર અણછાજતો સ્પર્શ કરતા ફરિયાદ

મુંબઈ, તા.૧૪

ફ્લાઈટમાં મુસાફરી કરી રહેલી એક મહિલાએ પણ પોતાની સાથે અણછાજતું વર્તન કરનારા શખ્સને પાઠ ભણાવ્યો છે. શનિવારે મુંબઈથી ગુવાહાટી જઈ રહેલી ફ્લાઈટમાં એક મહિલાની બાજુમાં બેઠેલા પેસેન્જરે વારંવાર તેને અણછાજતો સ્પર્શ કર્યો હતો. મોડી રાતની ફ્લાઈટ હતી અને વિમાન હવામાં હતું, કેબિનની લાઈટ ડીમ કરી દેવાઈ હતી અને એ વખતે અંધારાનો લાભ લઈને શખ્સે બાજુમાં બેઠેલી મહિલાને પકડી લીધી હતી. એરલાઈને જણાવ્યું છે કે, આ શખ્સને ગુવાહાટી પોલીસને સોંપી દેવાયો છે અને તેની સામે એફઆઈઆર નોંધવામાં આવી છે. છેલ્લા બે મહિનામાં ભારતીય પેસેન્જરો સાથે ફ્લાઈટમાં છેડતી થઈ હોય તેવા ઓછામાં ઓછા ચાર કેસ નોંધાયા છે. તાજી ઘટના ઈન્ડિગોની ફ્લાઈટ ૬ઈ૫૩૧૯માં બની હતી. ફ્લાઈટ રાત્રે ૯ વાગ્યા પછી મુંબઈથી ઉપડી હતી અને મધરાત્રે ૧૨:૧૫ કલાકની આસપાસ ગુવાહાટી પહોંચી હતી. પોતાની સાથે થયેલા દુર્વ્યવહાર વિશે વાત કરતાં પીડિતાએ જણાવ્યું કે, હોસ્પિટલમાંથી સાજા થયા બાદ તેને રજા આપવામાં આવી હતી, જે બાદ તે ગુવાહાટી જઈ રહી હતી. મહિલાએ જણાવ્યું કે, તેની આઈલ સીટ હતી અને કેબિનની લાઈટ્સ ડીમ થયા પછી આર્મરેસ્ટ નીચે કરીને તે સૂઈ ગઈ હતી. જ્યારે તેની આંખ ખુલી ત્યારે તેણે નોંધ્યું કે, આર્મરેસ્ટ ઊંચો કરી દેવાયો હતો અને બાજુમાં બેઠેલો પેસેન્જર તેની નજીક આવી ગયો હતો. 'આ જોઈને મને વિચિત્ર લાગણી થઈ કારણ કે, મને બરાબર યાદ હતું કે મેં આર્મરેસ્ટ નીચો કર્યો હતો. અડધી ઊંઘમાં હોવાના લીધે મેં આ વિશે વધુ વિચાર્યું નહીં અને ફરીથી આર્મરેસ્ટ નીચો કરીને સૂઈ ગઈ. થોડા સમય પછી મારી ફરી આંખ ખુલી તો જોયું કે, બાજુમાં બેઠેલા પુરૂષ પેસેન્જરનો હાથ મારી ઉપર હતો અને તેની આંખો બંધ હતી. હું યોગ્ય ખાતરી કર્યા વિના કોઈ નિર્ણય ઉપર નહોતી પહોંચવા માંગતી એટલે મેં થોડી રાહ જોઈ. મેં મારી આંખો અર્ધખુલ્લી રાખી અને ઊંઘવાનો ડોળ કર્યો,' તેમ મહિલાએ જણાવ્યું. થોડી મિનિટો પછી મહિલાએ નોંધ્યું કે, બાજુમાં બેઠેલો પેસેન્જર ફરીથી તેને સ્પર્શ કરીને પોતાના પ્રાઈવેટ પાર્ટને અડી રહ્યો હતો. મહિલાએ આગળ કહ્યું, 'આ જોયા પછી હું ચીસો પાડવા માંગતી હતી પરંતુ ના પાડી શકી. હું આ ઘટનાથી હેબતાઈ ગઈ હતી.' જો કે, છેવટે મહિલા પોતાની બુદ્ધિ વાપરી અને ફરીથી એ શખ્સે તેને પકડવાનો પ્રયાસ કર્યો ત્યારે તેણે તેનો હાથ ખેંચીને દૂર ખસેડી દીધો, ચીસ પાડી અને સીટ ઉપરની લાઈટ ચાલુ કરીને કેબિન ક્રૂને બોલાવ્યા હતા. 'હું બૂમાબૂમ કરી રહી હતી, આંખમાંથી આંસુ નીકળી રહ્યા હતા અને મારી સાથે બનેલી ઘટના વર્ણવતી હતી. આ બધું જોઈને એ શખ્સ માફી માંગવા લાગ્યો હતો,' તેમ મહિલાએ વધુમાં ઉમેર્યું. એરલાઈને પણ આ બાબતની ગંભીર નોંધ લેતા એક્શન લીધા હતા. ઈન્ડિગોએ આ મુદ્દે નિવેદન બહાર પાડીને જણાવ્યું કે, મહિલાએ શારીરિક છેડતીની ફરિયાદ કર્યા બાદ આ શખ્સને ગુવાહાટી પોલીસને સોંપી દેવાયો હતો. 'સ્થાનિક પોલીસે શખ્સ સામે ફરિયાદ દાખલ કરી છે અને અમે તેમને તપાસમાં સહકાર કરીશું,' તેમ ઈન્ડિગો એરલાઈને ખાતરી આપી છે. મહિલા સાથે દુર્વ્યવહાર કરનારા શખ્સને સબક મળે એ માટે એરલાઈન, સીઆઈએસએફ, એરપોર્ટ ઓથોરિટી અને ઘટનાના સાક્ષીએ પોલીસ સ્ટેશન જઈને નિવેદન નોંધાવ્યા હતા. જે બદલ મહિલાએ આ સૌનો આભાર માન્યો છે. તેણે કહ્યું, 'આ દુનિયામાં તમારા જેવા લોકોની વધુમાં વધુ જરૂર છે.' છેલ્લા બે મહિનામાં ફ્લાઈટમાં મહિલા પેસેન્જર કે એરહોસ્ટેસ સાથે છેડતી થઈ હોવાના કિસ્સા બન્યા છે. ગત અઠવાડિયે જ મસ્કતથી મુંબઈ આવી રહેલી વિસ્તારાની ફ્લાઈટમાં એક પેસેન્જરે એરહોસ્ટેસને જબરદસ્તી પકડી લઈને તેને કિસ કરવાની કોશિશ કરી હતી. આ પેસેન્જરની મુંબઈમાં ધરપકડ કરવામાં આવી હતી. આ સિવાય એક વીડિયો વાયરલ થયો હતો જેમાં સ્પાઈસજેટની દિલ્હીથી મુંબઈ જઈ રહેલી ફ્લાઈટમાં એક શખ્સે મહિલા પેસેન્જર અને ફીમેલ ફ્લાઈટ અટેન્ડન્ટની અભદ્ર તસવીરો ક્લિક કરવાની કોશિશ કરી હતી. આ અંગે ૧૮ ઓગસ્ટના રોજ દિલ્હીના મહિલા આયોગે સુઓમોટો દાખલ કરી હતી. માલદીવ્સના મેલથી બેંગ્લુરૂ આવી રહેલી ફ્લાઈટમાં પણ એરહોસ્ટેસ સાથે છેડતી થઈ હતી. ૫૧ વર્ષીય પેસેન્જરે એરહોસ્ટેસ સામે ગંદા ઈશારા કર્યા હતા અને શાબ્દિક છેડતી કરી હતી. તેની પણ બેંગ્લુરૂમાં ધરપકડ કરવામાં આવી હતી. જુલાઈમાં અબુધાબીથી ચેન્નાઈ જઈ રહેલી ફ્લાઈટમાં પણ એક શખ્સે મહિલા પેસેન્જરને અણછાજતો સ્પર્શ કર્યો હતો.

# 'નાગા લોકો માટે અલગ ધ્વજ અને બંધારણ વિના આ સંઘર્ષ ઉકેલી શકાય તેમ નથી': નાગા જૂથોએ કેન્દ્રને ચેતવણી આપી




(એજન્સી) તા.૧૪

નેશનલ સોશ્યલિસ્ટ કાઉન્સિલ ઓફ નાગાલેન્ડ-ઈસાક- મુઈવાહ (NSCN-IM)એ શનિવારે ૯ સપ્ટેમ્બરના રોજ જાહેર કરેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે નાગાઓ માટે અલગ ધ્વજ અને બંધારણ વિના, ભારતીય બંધારણ હેઠળ સાત દાયકા જૂના નાગા રાજકીય સંઘર્ષનો ઉકેલ શક્ય નથી. કેન્દ્ર સરકારે વિદ્રોહી જૂથ સાથે ફરી વાતચીત શરૂ કર્યાના દિવસો બાદ આ નિવેદન સામે આવ્યું છે. NSCN-IMએ જણાવ્યું હતું કે ૮ સપ્ટેમ્બરે મણિપુર ખાતે મયંગખાંગ ખાતેની સલાહકાર બેઠકના અંતે આ "સુસંગત નિર્ણય" હતો. આ બેઠક નેતાઓ અને 'કાર્યકારી સંચાલન સમિતિ'ને ચાલી રહેલા વિકાસ વિશે માહિતગાર કરવા માટે યોજવામાં આવી હતી. આ બેઠક ઓગસ્ટ ૨૦૧૫માં કેન્દ્ર સરકાર સાથે હસ્તાક્ષર કરાયેલા 'ફ્રેમવર્ક એગ્રીમેન્ટ'માં મુખ્ય મુદ્દાઓ ઉપરના સંકલ્પ સાથે સમાપ્ત થઈ હતી. યુનિયન દ્વારા ૨૫ ઓગસ્ટના રોજ દિલ્હીમાં સંગઠન સાથે ફરી વાટાઘાટો શરૂ થયા બાદ એનએસસીએન-આઈએમનું આ પ્રથમ નિવેદન હતું જેમાં તેના જનરલ સેક્રેટરી થુઈંગાલેંગ મુઈવાહે ભાગ લીધો હતો. નાગા વાટાઘાટો કેન્દ્ર સરકાર દ્વારા ઔપચારિક રીતે એવા સમયે ફરી શરૂ કરવામાં આવી છે જ્યારે મણિપુરની પહાડીઓમાં કુકીઓએ કેન્દ્ર સરકાર પાસેથી "અલગ વહીવટ"ની માંગ કરવાનું શરૂ કર્યું છે. આ વર્ષે ૧૪ ઓગસ્ટના રોજ, NSCN-IM દ્વારા સ્વતંત્રતા દિવસ તરીકે ઉજવવા સમયે તેમણે કહ્યું હતું કે, રાષ્ટ્રધ્વજ અને બંધારણ લોકોના સાર્વભૌમત્વથી કુદરતી રીતે અવિભાજ્ય છે. તે સાર્વત્રિક રીતે એક સ્વીકૃત સત્ય છે કે ધ્વજ અને બંધારણ એ સાર્વભૌમત્વના ઘટકો છે. તે અંગે કોઈ સંદિગ્ધતા નથી. ભારતીય નેતાઓ પણ તેને સમજે છે. તેઓએ સત્ય બોલવું જોઈએ. NSCN-IM સહિત નાગા જૂથો દાવો કરે છે કે નાગાઓ ક્યારેય ભારતનો ભાગ ન હતા અને ૧૪ ઓગસ્ટ, ૧૯૪૭ ના રોજ "સ્વતંત્રતા" જાહેર કરી હતી. NSCN-IMએ ૧૯૯૭માં યુદ્ધવિરામ પહેલા દાયકાઓ સુધી વિદ્રોહી ચળવળનું નેતૃત્વ કર્યું હતું. આ યુનિયન અને NSCN-IM નેતાઓએ ૩ ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં દિલ્હીમાં ફ્રેમવર્ક કરાર ઉપર હસ્તાક્ષર કર્યા હતા પરંતુ નાગાઓ માટે અને તમામ નાગા વસતી વિસ્તારો (નાગાલેન્ડ અને મણિપુર અને આસામના ભાગો)ના "એકીકરણ" માટે NSCN-IMના અલગ ધ્વજ અને બંધારણના આગ્રહને કારણે આ માળખા ઉપર આધારિત અંતિમ કરાર ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા ન હતા. સંઘે આ દરખાસ્તને નકારી કાઢી હતી, અને નાગા જૂથોને સાંસ્કૃતિક કાર્યક્રમો દરમ્યાન તેમના ધ્વજનો ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવી હતી. NSCN-IMએ એવો પણ દાવો કર્યો હતો કે યુનિયન ૨૦૧૫ના કરારમાં નાગાઓ સાથે "સાર્વભૌમત્વ" માટે સંમત થયું હતું. ૨૦૧૫ના કરારની સામગ્રી કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવી નથી.

# જૂનાગઢના પુર્વ ધારાસભ્ય મહેન્દ્રભાઈ મશરૂએ ૧૫૧ શિવ દર્શન યાત્રા પુર્ણ કરી

જૂનાગઢ તા. ૧૪

જૂનાગઢના પુર્વ ધારાસભ્ય મહેન્દ્ર મશરૂની આ સતત ત્રીજા વર્ષે શ્રાવણ માસ દરમ્યાન આ શિવદર્શન યાત્રા છે. આગલા બે વર્ષ દરમ્યાન અનુક્રમે ૯૩ અને ૧૩૩ શિવ મંદિરોમાં ઉઘાડા પગે જઈને સર્વ સમાજના કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી. આ વર્ષે ૧૫૧ જેટલા શિવમંદિરોમાં દર્શન કરવાનો સંકલ્પ કર્યો હતો તે આજે પુર્ણ થશે. તા.૧૨-૯-૨૩ સાંજ સુધીમાં ૧૪૭ શિવ મંદિરો, શિવ દેરીઓમાં શિવજી ભગવાનના દર્શન કર્યા છે. મહેન્દ્ર મશરૂની સાથે આ વખતે જૂનાગઢ વોર્ડ નં.૯ ના સેવાભાવી આગેવાન નરેશભાઈ ચુડાસા અને તમામ મંદિરોમાં ખુલ્લા પગે સાથે ચાલીને પોતાનો સહયોગ આપ્યો હતો. જે ચાર ઉદેશ્ય માટે પવિત્ર શ્રાવણ માસમાં જૂનાગઢના તમામ એટલે કે ૧૫૧ જેટલા શિવ મંદિરોમાં ઉઘાડા પગે જઈને શિવ મંદિર દર્શન યાત્રા કરવામાં આવી હતી જેમાં તાજેતરમાં જૂનાગઢમાં થયેલ ભારે જળ હોનારતને કારણે તથા મકાનો પડી જવાને કારણે હોનારતનો ભોગ બનેલા મૃતાત્માઓના આત્માની શાંતિ માટેની પ્રાર્થના કરી હતી. જળ હોનારતમાં જે પરિવારોએ પોતાનું સર્વસ્વ એટલે કે મકાન, અનાજ, ઘરવખરી વિગેરે ગુમાવ્યું છે અને ભારે યાતના ભોગવી છે તેવા પરિવારો ઝડપથી પુનઃ સુખશાંતિ પ્રાપ્ત કરે તે માટેની પ્રાર્થના કરી હતી. સમગ્ર જીવસૃષ્ટીના કલ્યાણ માટે ભગવાન ભોળાનાથને પ્રાર્થના કરવામાં આવી હતી. તાજેતરમાં જૂનાગઢમાં થયેલ ભારે જળ હોનારતનો કારણે ભારે તારાજી થઈ પરંતુ તેમાંથી બોધપાઠ લેવાને બદલે રેલ્વે તંત્ર દ્વારા જૂનાગઢમાં રોજ પરિવર્તનના નામે એકજ લાઈનમાં ૭ થી ૮ બુગદા (ગરનાળા) બાંધવા માંગે છે. જો આ બુગદા-ગરનારાળા બને તો ભવિષ્યમાં વિકરાળ જળ હોનારતનો ભય નિષ્ણાંતો બતાવી રહયા છે. જૂનાગઢની પ્રજાને ભયાવહ સ્થિતી ભોગવવી ના પડે તે માટે ભગવાન ભોળાનાથ રેલ્વે તંત્રને સદ્બુધ્ધી આપે અને આવો તઘલખી નિર્ણય થતો અટકાવે અને જૂનાગઢને ભાવિ ભયાવહ સ્થિતી જોવી ના પડે તો માટે મંદિરોમાં જઈને પ્રાર્થના કરી હતી તેમ એક યાદીમાં જણાવેલ છે.

# કોડીનાર મેમણ કોલોનીમાં ફાયરિંગ કરનાર શખ્સના આગોતરા જામીન અરજી નામંજૂર કરતી એડીશ્નલ સેશન્સ કોર્ટ

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૧૪

કોડીનારના રહેણાંકી વિસ્તાર મેમણ કોલોનીમાં ફાયરિંગ કરનાર શખ્સની આગોતરા જામીન અરજી એડીશ્નલ સેશન્સ કોર્ટે નામંજૂર કર્યા છે. કોડીનાર મેમણ કોલોનીમાં થયેલ ફાયરિંગના ગુનામાં નાસતા ફરતા આરોપી રીયાઝ રફીકભાઈ કાસમાણી સામે કોડીનાર પો.સ્ટે.ગુ.ર.નં. ૧૨૯૧/૨૨ થી આઈ.પી.સી. એકટની કલમ- ૩૦૭, ૩૨૪, ૫૦૪, ૧૧૪ તથા આમર્સ એકટની કલમ ૨૫(૧-બી), (એ), ૨૭ તથા જી.પી. એકટની કલમ-૧૩૫ મુજબ તા. ૨૩/૧૦/ ૨૦૨૨નાં રોજ ગુનો નોંધાયેલ હતો. જે અન્વયે આરોપી રીયાઝ રફીક કાસમાણી પોલીસ ધરપકડથી નાસતો ફરતો હતો. આ દરમ્યાન આરોપી રિયાઝ દ્વારા કોડીનારની એડી.સેસન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરવામાં આવી હતી. જેની સુનાવણીમાં ફાયરિંગના ગુનાનો પ્રકાર, ગુનાની ગંભીરતા તથા આરોપી છેલ્લા ૧૧ મહીનાથી નાસતો ફરતો હોય તેની વર્તણુંક ધ્યાને રાખી નામદાર કોર્ટે અરજદાર/આરોપીનાં વકીલો ની દલીલો સાંભળી ત્યારબાદ સરકાર તરફે વિ.એડી. પબ્લીક પ્રોસીકયુટર જે. ડી. પાઠકની વિસ્તૃત દલીલો તથા આરોપી તરફે વકીલની દલીલો ધ્યાને લઈ બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ કોડીનારનાં નામદાર એડીશ્નલ સેશન્સ જજે ઉપરોકત તમામ બાબતો અને કેસનાં કાગળોની ખુબ જ જીણવટ ભરી રીતે મુલવણી કરી સચેતતા પુર્વક સમાજમાં આવી જધન્ય અપરાધ માટેની ઘટનાને ન્યાયપુર્ણ રીતે અભ્યાસનાં અંતે આરોપી રીયાઝ રફીકભાઈ કાસમાણીની આગોતરા જામીન અરજી રદ કરેલ કરી હતી.

### અયોધ્યામાં રામમંદિરની તૈયારી જોરશોરમાં

# એસએસએફના ૮૦ જવાનોનું જૂથ અયોધ્યા પહોંચ્યું



### અભિષેક સમારોહ પહેલા એસએસએફની આઠ કંપનીઓ રામજન્મભૂમિની સુરક્ષાની જવાબદારી સંભાળશે

અયોધ્યા, તા.૧૪

અયોધ્યામાં રામજન્મ ભૂમિની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. ભગવાન રામના બની રહેલા મંદિરનું ઉદ્ઘાટન આગામી વર્ષે જાન્યુઆરીના ત્રીજા સપ્તાહમાં થઈ શકે તેવી સંભાવના છે, ત્યારે તેની સુરક્ષા માટે એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. રામ લલ્લાના અભિષેક સમારોહ માટે સુરક્ષા વ્યવસ્થાની બ્લુ પ્રિન્ટ લગભગ તૈયાર છે.

સમારોહ માટે પાંચ લાખથી વધુ શ્રદ્ધાળુઓ આવે તેવી શક્યતા છે. સમારોહ દરમિયાન રામજન્મભૂમિ સંકુલમાં પીએમ મોદી ઉપરાંત અન્ય વીવીઆઈપીઅને લગભગ દસ હજાર લોકો પણ હાજર રહે તેવી શક્યતા છે. આ સંદર્ભે, એસએસએફ એટલે કે સ્પેશીયલ સુરક્ષા દળના ૮૦ જવાનોનું એક જૂથ ગઈકાલે રાતે અયોધ્યા પહોંચી ગયું છે. અભિષેક સમારોહ પહેલા એસએસએફની આઠ કંપનીઓ રામજન્મભૂમિની સુરક્ષાની જવાબદારી સંભાળશે. હાલમાં રામજન્મભૂમિની સુરક્ષા સીઆરપીએફ અને પીએસીને સોંપવામાં આવી છે. આ મહિનાથી જ મંદિરની આ સુરક્ષાની કમાન હવે એસએસએફના જવાનના હાથે સોંપાશે. આ પહેલા એસએસએફના જવાનોને ટ્રેનિંગ આપવામાં આવશે. ૮૦ જવાનોના જૂથને ૧૨ થી ૧૬ સપ્ટેમ્બર સુધી ટ્રેનીંગ આપવામાં આવશે. આ પછી, જવાનોનું બીજું જૂથ અહીં પહોંચશે અને ટ્રેનીગ બાદ પોતાનો ચાર્જ સંભાળશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, સંસદ અને રાષ્ટ્રપતિ ભવન જેવી રામ મંદિરની સુરક્ષા માટે એક યોજના બનાવવામાં આવી છે. હવે તેને ગ્રાઉન્ડ લેવલ પર અમલી બનવાની તૈયારી ચાલી રહી છે. મંદિરની સુરક્ષા માટે વિશેષ પ્રશિક્ષિત એસએસ એફ જવાનોને તૈનાત કરવામાં આવશે. અભિષેક સમારોહ પહેલા એસએસએફની આઠ કંપનીઓ રામજન્મભૂમિની સુરક્ષાની જવાબદારી સંભાળશે જયારે કેમ્પસના વિવિધ ભાગોની સુરક્ષાની જવાબદારી એસએસ એફના જવાનોની અલગ-અલગ ટુકડીઓને આપવામાં આવશે. આ સૈનિકો આધુનિક હથિયારોથી સજ્જ હશે. સમગ્ર સંકુલની દેખરેખ માટે આધુનિક કંટ્રોલ રૂમ પણ લગભગ તૈયાર છે. ૭૭ કરોડમાં અત્યાધુનિક હથિયારો પણ ખરીદવામાં આવ્યા છે. કેમ્પસમાં બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ અને ડોગ સ્કવોડની કાયમી તૈનાત પણ કરવામાં આવી રહી છે.

## જૂનાગઢમાં જલારામ બાપા તથા વીરબાઈ માં ના મંદિરનું ભૂમિપૂજન થશે

જૂનાગઢ તા. ૧૪

જૂનાગઢના પોસ્ટ ઓફિસ રોડ ઉપર તા.૨૬-૧૦-૨૩ ને ગુરૂવારના રોજ જલારામ બાપા તથા વીરબાઈ માં ના ભવ્ય મંદિરના બાંધકામનું ભૂમિપૂજન તથા ખાતમુર્હુત થશે. વિધ્વાન પંડિતોના મંત્રોચ્ચાર સાથે જૂનાગઢના રઘુવંશી પરિવારો તથા સર્વજ્ઞાતિય ભકતજનોની હાજરીમાં આ કાર્યક્રમ યોજાશે. આ મંદિર તથા સેવા સંકુલના બાંધકામમાં ૬ હોલ, ૧૭ નાના મોટા રૂમો, ૧૦ હજાર ચો.ફુટ અંડરગ્રાઉન્ડ પાર્કિંગ હશે. આ મંદિરમાં ધાર્મિક કાર્યક્રમોની સાથો સાથ સેવાકીય કાર્યો પણ થશે. આ મંદિરમાં જવા આવવા માટે ત્રણ એન્ટ્રી હશે. મંદિર તથા સંલગ્ન સેવા સંકુલના નિર્માણ માટે ખાતમુર્હુતની જાહેરાત થતા રઘુવંશી સમાજ તથા અન્ય સમાજના જલારામ ભકતોમાં હર્ષની લાગણી ફેલાઈ છે.

# લઠ્ઠાકાંડના આરોપીઓ સામે કડક હાથે કામગીરી કરવા રાજ્ય સરકારનો મક્કમ નિર્ધાર - ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી

### આગામી સમયમાં આ ઝુંબેશને વધુ સઘન બનાવાશે, આ ધંધા સાથે સંકળાયેલા મહિલાઓને અન્ય રોજગારી આપવા તાલીમની સુવિધા ઉપલબ્ધ કરાશે

ગાંધીનગર તા.૧૪

ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે કે, રાજ્યમાં નશાખોરીની પ્રવૃત્તિઓ ડામવા માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. દારૂની બદીને ડામવા માટે રાજ્યની પોલીસ સતત કાર્યવાહી કરી રહી છે. લઠ્ઠાકાંડના આરોપીઓને કડકમાં કડક સજા થાય એ માટે રાજ્ય સરકાર કડક હાથે કામગીરી કરી રહી છે. આ ઝુંબેશને આગામી સમયમાં વધુ સઘન બનાવાશે.

બુધવારે વિધાનસભા ખાતે બરવાળા તાલુકામાં લઠ્ઠા કાંડના આરોપીઓ સામે કાર્યવાહી અંગેના પ્રશ્નના ઉત્તરમાં મંત્રી હર્ષ સંઘવીએ ઉમેર્યું કે, બરવાળા ખાતે થયેલ લઠ્ઠા કાંડ સંદર્ભે ડીવાય.એસ.પીથી લઈને પી.એસ.આઈ કક્ષાના અધિકારીઓને તેજ દિવસે ફરજ મોકુફી હેઠળ મૂકવામાં આવ્યા છે. રાજ્યમાં ક્યાંય પણ આવી ઘટના બને તો સરકાર એક પણ ક્ષણના વિલંબ વગર જવાબદાર અધિકારીઓ સામે ત્વરીત પગલાં ભરે જ છે.

ગૃહ રાજયમંત્રીએ ઉમેર્યુંહતું કે, રાજ્યમાં બળાત્કારીઓને કડકમાં કડક સજા થાય એ માટે પોલીસ વિભાગને પ્રાધાન્ય આપી કામગીરી કરવા સૂચના આપી છે જેના પરિણામે ગુજરાત પોલીસ સંનિષ્ઠ પ્રયાસો હાથ ધર્યા છે. રાજ્યમા છેલ્લા બે વર્ષમા ૧૧ જેટલા બળાત્કાર કરનાર વ્યકિતઓને ફાંસીની સજા તથા ૬૮ વ્યકિતઓને આજીવન સજા કરવામાં આવી છે. ભાવનગર ખાતે થયેલ બળાત્કારના કેસમાં માત્ર ચોવીસ કલાકમાં પોલીસે ચાર્જશીટની કામગીરી કરીને તમામ કેદીઓને આજીવન સજા જાહેર કરાઈ છે. એ જ રીતે સુરતમાં પણ ચાર કિસ્સામાં ૨૮ દિવસમાં ચાર્જશીટ તૈયાર કરીને ૬૦ દિવસમાં ફાંસીની સજા જાહેર કરવામાં આવી છે.

ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ ઉમેર્યું કે, દારૂની બદીના વ્યવસાય સાથે સંકળાયેલ મહિલાઓને અન્ય રોજગારી મળી રહે એ માટે રાજ્ય સરકાર સમાજને સાથે લઈને વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરે છે જેમાં આણંદ જિલ્લામાં ૬૪ જેટલી મહિલાઓને અમૂલના પાર્લર દ્વારા રોજગારી અપાઈ છે. ખેડા જિલ્લામાં પણ મહિલાઓને બ્યુટી પાર્લરની તાલીમ સહિત તેમના બાળકોને શિક્ષણ સુવિધાઓ પૂરી પડાઈ છે, એ જ રીતે અમદાવાદ શહેરમાં પણ ૨૫૦થી વધુ મહિલાઓ સારું જીવન જીવી શકે એ માટે રોજગાર લક્ષી તાલીમ અને સહાય પણ આપવામાં આવી છે.

આમ રાજ્યભરમાં આવા વ્યવસાય સાથે સંકળાયેલા મહિલાઓને સ્વરોજગારી માટે તાલીમ પણ રાજ્ય સરકાર આપે છે તેમ, તેમણે ઉમેર્યું હતું.

### કેશોદ મહિલા અને બાળ વિકાસ શ્રેત્રે શ્રેષ્ઠ કામગીરી બદલ

# કેશોદ જીલ્લા પંચાયતના વરિષ્ઠ મહિલા સદસ્ય ધર્મિષ્ઠાબેન કમાણીનું સન્માન કરાયું

(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા. ૧૪

કેશોદ તાલુકાની અજાબ જીલ્લા પંચાયત બેઠકના વરિષ્ઠ મહિલા સદસ્ય શ્રીમતિ ધર્મિષ્ઠાબેન પરેશભાઈ કમાણીને જૂનાગઢ જીલ્લા પંચાયતના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા સન્માન પત્ર એનાયત કરી જણાવ્યું કે જૂનાગઢ જીલ્લા પંચાયત હસ્તક મહિલા અને બાળ વિકાસ વિભાગ ગુજરાત સરકારશ્રીના માર્ગદર્શન સાથે ગુજરાતની જનતાના આરોગ્ય શિક્ષણ અને પોષણથી માનવજાતના કલ્યાણ માટે સતત સહયોગ આપી રહ્યુ છે. ત્યારે મહિલા અને બાળ વિભાગ જૂનાગઢ જીલ્લાની સમિતિમા આપશ્રીએ સમિતિના સભ્યપદ ઉપર રહી આપશ્રીએ નૈતિક સેવા નિષ્ઠાથી અમોને સાથ સહકાર અને સમય આપી આપશ્રીની જવાબદારીનું નિર્વાહન પ્રામાણિકતા સાથે પુર્ણ કર્યુ તે બદલ આભાર વ્યક્ત કરીએ છીએ. આપશ્રીએ લોકોના સુખાકારી માટે ઉપરોક્ત કાર્ય કરતા રહોએવી શુભેચ્છા. જીલ્લા વિકાસ અધિકારી જીલ્લાપ્રોગ્રામ ઓફિસર મહિલા અને બાળ વિકાસ સદસ્યશ્રી એલ.એ. ગુજરાતીએ પાઠવી છે. શ્રીમતિ ધર્મિષ્ઠાબેન કમાણીએ સન્માન બદલ ઋણ સ્વીકાર કરતા જણાવ્યુ છે કે જૂનાગઢ જીલ્લા પંચાયતના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આ વિભાગના સદસ્ય તરીકે મારી અઢિ વર્ષની ઉમદા કાર્ય પધ્ધતિ



બદલ વહિવટી તંત્ર દ્વારા મારૂં સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અધ્યક્ષ શ્રીમતિ લાભુબેન ગુજરાતી તથા અનુભાઈ ગુજરાતી અને વહીવટી વિભાગ જૂનાગઢનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરૂં છું.


### કોરોના કાળમાં લાગેલું મોબાઈલનું વળગણ નુકશાનકારક હોવાનું સમજાતા લોકો આ ટેવ છોડાવવા મનોચિકિત્સકોના સહારે

# હવે મોબાઈલનો નશો છોડાવવા લોકો સારવાર તરફ વળ્યા

અમદાવાદ, તા.૧૪

દારૂ, ડ્રગ્સ કે અન્ય નશાકારક પદાર્થો કરતાં પણ વધુ દર્દીઓને મોબાઈલનો નશો છે. વાત માન્યામાં નઆવે તેવી લાગે પણ વાસ્તવિક છે. અમદાવાદના છેવાડે આવેલા ભાટ ગામે આવેલી વ્યસનમુક્તિ માટેની કાનોરિયા હોસ્પિટલમાં મોબાઈલ ફોનનું વળગણ કે નશો છોડવા આવનારાંઓની સંખ્યા અન્ય કોઈ નશા કરતાં વધુ છે. કોરોના સમયે લોકોને મોબાઈલ ફોનનું વળગણ વધ્યું હતું અને હવે જનજીવન સામાન્ય બની રહ્યું છે ત્યારે આ વાતની ગંભીરતા સમજી લોકો સારવાર તરફ વળ્યાં છે. આ હોસ્પિટલમાં વર્ષ ૨૦૧૦માં એક હજાર દર્દીએ માંડ ત્રણ દર્દી મોબાઈલ એડિક્શનનાં હતાં. વર્ષ ૨૦૨૦થી ૨૦૨૨ દરમિયાન એટલો ઉછાળો આવ્યો કે, ૧૦૦૦ દર્દીએ મોબાઈલ એડિકશનની સારવારના દર્દીઓની સંખ્યા ૪૦૦ આસપાસ પહોંચી હતી. ચાલુ વર્ષે હજારે ૫૦૦ દર્દીઓ મોબાઈલના નશાની પરેશર્થી સારવાર લઈ રહ્યાં છે. મોબાઈલ ફોન પછી ૪૦૦ દર્દીઓ દારૂ છોડવા માટે આવનારાં અને ૧૦૦ દર્દીઓ ચરસ, ગાંજો, અફીણ, દવા સુંઘવાની આદત અને ડ્રગ્સનો નશો છોડવા આવે છે. કોઈપણ નશાનું વળગણ દૂર કરવા માટે મનોબળ મજબૂત કરવાનું કામ કરતાં કાનોરિયા હોસ્પિટલના મનોચિકિત્સક અને વ્યસનમુક્તિ નિષ્ણાત ડો. સાજન વી. લિમ્બાચિયાનું કહેવું છે કે, મોબાઈલ ફોનનો નશો અત્યારે ચિંતાનું સૌથી મોટું કારણ છે. દરેક વ્યક્તિને મોબાઈલ ફોન વગર નહીં જ ચાલે તે માનસિકતાએ ગુલામ બનાવ્યાં છે. વાસ્તવિકતા એ છે કે, મોબાઈલફોનના સતત, નિરંકુશ ઉપયોગની અસર મગજના સ્નાયુઓ ઉપર પડે છે. આ કારણે માણસ ડિપ્રેશન અને એન્ઝાયટીનો ભોગ બને છે. અનેક લોકો થાઈરોઈડ અને પિચ્યૂટરી ગ્રંથીને અસર પહોંચવાથી બિમારી અનુભવે છે. આવા વ્યક્તિઓ તેમના નિયમીત કામ અને જીંદગીમાં ખુશ રહી શકતાં નથી. મોબાઈલ ફોનના સતત ઉપયોગથી માનસિક ઉપરાંત શારીરિક બિમારીના કિસ્સા સતત વધી રહ્યાં છે. લોકોને ખભા, ગરદન, આંગળીના દુખાવાની સમસ્યાથી પણ પિડાય છે. મોબાઈલનું વળગણ હોય છે તેવા વ્યક્તિએ મોટાભાગનો સમય યુ ટયૂબ શોટસ, ફેસબૂક, ઈન્સ્ટાગ્રામ સહિતની સોશિયલ મીડિયા સાઈટ્સ ઉપર વિતાવે છે. લાઈક, ફોલો - અનફોલો સહિતની અનેક બાબતો માનસિક સ્વસ્થતાને અસર કરે છે. સમાજને લાલબત્તી ધરતાં ડો. લિમ્બાચિયા કહે છે કે, આધુનિકતામાં જીવતાં યુવા માતા-પિતા ત્રણ માસથી લઈ ૧૪ વર્ષ સુધીના બાળકને મોબાઈલ ફોન પકડાવી દે છે. બાળકોને ગમતાં કાર્ટૂન વીડિયો ચાલુ કરી મુક્તિ મેળવાય છે. વાંચન અને ઈત્તર પ્રવૃત્તિની સમજ કેળવવાની હોય તેવા બાળકને મોબાઈલ ફોન પકડાવી માતા-પિતા આઝાદી મેળવી લે છે અને આ સમય પોતે મોબાઈલ ફોન ઉપર વાતચિત કે સોશિયલ મીડિયા ઉપર વિતાવતાં હોય છે. વર્તમાન યુગમાં સ્વજનો સાથે સરળ કનેક્ટિવિટી માટે મોબાઈલ ફોન જરૂરી છે પણ અનિવાર્ય તો નથી જ. આ સત્ય સમજવા 'મોબાઈલની પેલે પાર' થવું પડશે. આ માટે મોબાઈલથી મુક્તિના ઉપવાસ શરુ કરવા પડશે. દિવસના ૨૪ કલાકમાંથી આઠ કલાક આરામના, આઠ કલાક નોકરી કે કામ-ધંધાના અને આઠ કલાક પરિવાર, ઘર અને સમાજના. આવી એક વણલખાયેલી વ્યવસ્થા દરેક વ્યક્તિના જીવનમાં ગોઠવાયેલી છે. મનોચિકિત્સકોએ કરેલા અભ્યાસમાં એવા ચાંકાવનારાં તથ્યો પ્રકાશમાં આવ્યાં છે કે, આઠ કલાકની નોકરીમાંથી ઘણાંખરાં લોકો માંડ ત્રણથી પાંચ કલાક કામ કરે છે. ઘર, પરિવાર અને સમાજને આપવાના સમયમાંથી સાથે બેઠાં હોઈએ ત્યારે પણ સહુ કોઈનો ઘણોખરો સમય મોબાઈલ ફોન ઉપર વ્યતિત થાય છે. જ્યારે, આરામના આઠ કલાકમાંથી પચ્ચીસથી પચાસ ટકા સમય મોબાઈલ ખાઈ જાય છે. ખાસ કરીને ઊંઘતાં પહેલાં મોબાઈલ ફોનના ઉપયોગની ઘેરી અસર મગજને મળનારાં આરામ ઉપર પડે છે. મોબાઈલ ફોનથી લોકોની કાર્યક્ષમતા અને સહનશક્તિને અતિ ઘેરી અસર પહોંચી રહી હોવાથી જીંદગીનું બેલેન્સ તૂટે છે. દેશ માટે સૌથી મોટી ચિંતાનો વિષયછે કે દરરોજ લોકો છ કલાક સ્ક્રીન ઉપર વિતાવે છે. આપણી આ ક્રિએટીવ ઉંમર અને ક્રિએટીવિટીનું સામર્થ્ય જો છ કલાક સ્ક્રીન ઉપર વિતશે તો એ બહુ ચિંતાનો વિષય છે.''

તાજેતરમાં એક કાર્યક્રમમાં આ વાત કરતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખાસ કરીને ૪૦ વર્ષની વય સુધીના યુવા વર્ગમાં સ્ક્રીન એટલે કે મોબાઈલ ફોનનો ઉપયોગ વધી રહ્યો છે તે અંગે ચિંતા વ્યકત કરી હતી. મોબાઈલ ફોનના ઉપયોગ ઉપર અંકુશ નહીં મેળવાય તો ભારતનું ભાવિ ચિંતાજનક હશે તેવી વાત પણ વડાપ્રધાને કરી હતી. સારવાર માટે આવતાં દર્દીઓના અભ્યાસ પરથી એવું તારણ નીકળ્યું છે કે, આજે લોકો વર્ચ્યૂઅલ વર્લ્ડથી એકબીજા સાથે કનેક્ટિવિટી ધરાવે છે અને એ જ કારણે ભીડ વચ્ચે પણ માણસ પોતે એકલો-અટૂલો હોય તેવું મહેસૂસ કરે છે. લોકો વચ્ચે હોયતો પણ માણસ મોબાઈલ ફોન થકી કનેક્ટિવિટી અને તેના વિચારોમાં ગૂંચવાયેલો રહે છે. વર્ચ્યૂઅલ વર્લ્ડમાં જીવતી વ્યકિત કોઈના નિયમીત સંપર્કના અભાવથી પરેશાની ભોગવવા લાગે છે અને પરિવારના લોકો સાથે હોવા છતાં એકલાપણું અનુભવવા સાથે ચિડીયો બનવા લાગે છે. ઘણી વખત લોકો સાથે વાતચિતમાં તંદ્રાવસ્થામાંથી જાગીને જોડાવું પડે તેવી સ્થિતિ વારંવાર બને તે એલાર્મિંગ છે. આવા સંજોગોમાં પોતાના પરિવારના લોકો સાથેના સંપર્કો વધારી વર્ચ્યૂઅલ વર્લ્ડથી દૂર થવું હિતાવહ છે. મોબાઈલ ફોનના નિરંકુશ ઉપયોગથી મગજના સ્નાયુઓ ગરમ થાય છે. સ્વયં અંકુશના અભાવે શારીરિક-માનસિક બિમારીના કિસ્સામાં ચિંતાજનક ઉછાળો જોવા મળ્યો છે.



# ઈન્દ્રેશ્વર મહાદેવના દર્શન સાથે મહાપૂજા કરાઈ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૪

દેવાધિદેવ ભગવાન શિવજીની ભકિતમાં લીન્ન થવાનો અમૂલ્ય અવસર એવા શ્રાવણ માસ દરમ્યાન ભાવિકોએ અલગ અલગ મહાદેવનાં મંદિરે જઈ દર્શનનો લાભ લીધો હતો. શ્રાવણ માસ દરમ્યાન જૂનાગઢ શહેરમાં આવેલા શિવજીનાં મંદિરે ભાવિકોની ભીડ જામી હતી. દરમ્યાન જૂનાગઢ નજીક આવેલા સુપ્રસિધ્ધ ઈન્દ્રેશ્વર મહાદેવ મંદિરે ગઈકાલે દર્શનાર્થે ભાવિકો મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા. આ ઉપરાંત મધ્યરાત્રીનાં શિવજીનાં મહાપૂજાનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક પત્રના તંત્રી અભિજીત ઉપાધ્યાય તથા મહાસાગર ટ્રાવેલ્સના એમડી કાળુભાઈ સુખવાણી તેમજ નિતીનભાઈ સુખવાણી, અભયભાઈ સુખવાણી, વિવેક ગઢીયા, સંજયભાઈ માળી, અક્ષય પબારીએ પણ ઈન્દ્રેશ્વર મહાદેવની મહાપૂજા અને દર્શનનો લાભ લઈ ભાવવિભોર થયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ઈન્દ્રેશ્વર મહાદેવની પુરાણ પ્રસિધ્ધ જગ્યાએ અનેક ધાર્મિક કાર્યક્રમો પણ યોજાતા હોય છે.

## જૂનાગઢમાં ઉછીના પૈસા પરત આપી દીધા છતાં ફરી માંગણી પ્રશ્ને હુમલો : સામસામી ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૪

જૂનાગઢ કામદાર સોસાયટી વિસ્તારમાં બનેલા એક બનાવમાં ઉછીના પૈસા આપી દીધા હોવા છતાં પૈસાની માંગણી કરાતા તે બાબતે હુમલાનો બનાવ બનેલ છે અને સામસામી પોલીસ ફરિયાદ નોંધાઈ છે. કામદાર સોસાયટી ખાતે રહેતા સુમીત અજયભાઈ મકવાણા (ઉ.વ.૧૯) એ રમેશભાઈ માનસિંગભાઈ, વિનોદ માનસિંગભાઈ, હંસાબેન તથા એક અજાણ્યા શખ્સ વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના આરોપીઓએ આ કામના ફરીયાદીને હાથ ઉછીના રૂા.૫૦,૦૦૦ વાપરવા આપેલ હતા અને આ કામના ફરીયાદીએ આરોપીને રૂપીયા પાછા આપી દીધેલ તેમ છતા આરોપીઓએ ફરીયાદી પાસે ફરીયાદીએ પૈસાની માંગણી કરવા જતા ફારીએ કહેલ કે અમોએ તમારા પૈસા આપી દીધેલ છે તમો અમારી પાસે પૈસા કેમ માંગો છો તેમ કહેતા આરોપીઓ એ ઉશ્કેરાઈ જઈ ફરીને તથા આરોપીઓને ભુંડી ગાળો બોલી ઢીકા પાટુનો માર મારી છાતીના ભાગે છરી મારી ઈજા કરી તથા જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાને મદદગારી કરી જિલ્લા મેજી.ના હથીયાર બંધી જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા આરોપીઓ વિરૂધ્ધ કલમ ૩૨૪, ૩૨૩, ૫૦૬(૨), ૨૯૪(ખ), ૧૧૪, જીપી એકટ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરેલ છે.

આ બનાવની વધુ તપાસ એ ડીવીઝન પોલીસ સ્ટેશનના પીએસઆઈ એન.વી. આંબલીયા ચલાવી રહ્યા છે. દરમ્યાન આ બનાવ અંગે સામા પક્ષે પણ પોલીસ ફરિયાદ નોંધાવી છે. જેમાં રમેશભાઈ માનાસિંગભાઈ મકવાણા (ઉ.વ.૪૨) રહે. કામદાર સોસાયટી વાળાએ સુમિતભાઈ અજયભાઈ મકવાણા તથા અજયભાઈ જેન્તીભાઈ મકવાણા વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરીયાદીએ આરોપીને વાપરવા માટે રૂા.૬૦,૦૦૦/-વાપરવા આપેલ હતા તે પૈસા આ કામના આરોપી આપતા ના હોય જેથી ફરીયાદી પૈસા લેવા માટે આરોપીના ઘરે ગયેલ હતા અને આ કામના ફરીએ પૈસા માંગતા આરોપીએ કહેલ કે પૈસા નથી દેવા તેમ કહી આ કામના આરોપી એક દમ ઉશ્કેરાઈ જઈ તથા સાહેદોને જેમ ફાવે તેમ ગાળો દેવા લાગેલ અને ગાળો દેવાની ના પાડતા આ કામના આરોપી સુમીતે તેના હાથમાં રહેલ લોખંડનો પાઈપ ફરીને કપાળમા મારી દેતા લોહી કાઢી તથા ફરીયાદી તથા સાહેદોને ઢીકા પાટુનો મુંઢ માર મારી એક બીજાને મદદગારી કરી જિલ્લા મેજી.ના હથીયાર બંધી જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કર્યાની ફરિયાદ નોંધાવતા પોલીસો કલમ ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪, જી.પી.એક્ટ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરેલ છે.

## ભેંસાણના ચુડા ગામે નળની પાઈપલાઈન કાપી નાખવા બાબતે હુમલો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૪

ભેંસાણ તાલુકાના ચુડા ગામે રહેતા નિતાબેન શૈલેષભાઈ વઘાસીયા (ઉ.વ.૪૪) એ વાસંતીબેન મુન્નાભાઈ તથા તેના પતિ મુન્નાભાઈ સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદી સવારે સાડા આઠેક વાગ્યે પાણીના નળમાં પાણી ઓછું આવતું હોય જેથી ફરીયાદી બહાર જોવા જતા ફરીયાદીના નળની પાઈપ લાઈન ફરીયાદીની બાજુમાં રહેતા આરોપી નં-૧ વાળાએ કાપી નાખેલનું જણાતા તેમને આ પાઈપ લાઈન શુ કામે તોડી નાખેલ છે તે બાબતે પુછતા આ આરોપી એક દમ ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને જેમ ફાવે તેમ ભૂંડી ગાળો આપી છુટી લાકડીનો ઘા કરી અને છુટા પથ્થરના ઘા કરી ફરીયાદીને ડાબા હાથમાં અને ગળાથી નીચેના ભાગે ઈજા પહોચાડેલ હોય બાદ રાત્રીના નવેક વાગ્યે બન્ને આરોપી કહેવા લાગેલ કે તે અમારૂ શું બગડી લીધૂ તેમ કહી ભુંડી ગાળો આપી ટાંટીયા ભાંગી નાખવાની અને જાનથી મારી નાખવાની ઘમકીઓ આપી ફરીયાદીના ફળીયામાં છુટા પથ્થરોના ઘા કરી જીલ્લા મેજી.ના હથીયારબંધી વાળા જાહેરનામાનો ભંગ કરી બંને આ ગુન્હામાં એકબીજાને મદદગારી કરી ગુન્હો કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપીઓ વિરૂધ્ધ કલમ ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૩૩૭, ૧૧૪, જી.પી.એક્ટ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરેલ છે.

## કેશોદના કોયલાણા ગામે ઘરકંકાસથી કંટાળી પતિએ કરી પત્નીની હત્યા : તપાસનાં ચક્રો ગતિમાન

(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૧૪



કેશોદ નજીક આવેલાં કોયલાણા ગામે રહેતા અને ખેતીકામ કરી ગુજરાન ચલાવતાં જીતેન્દ્રસિંહ ઉદુભા રાયજાદાને પોતાની પત્ની સાથે ઘરકંકાસ ચાલતો હોય ગઈકાલે સાંજના સમયે રકઝક થતાં આવેશમાં આવી જઈ ઘરમાં પડેલી કુહાડી વડે હુમલો કરી હત્યા નિપજાવી ભાગી છુટયા હતાં. કેશોદ પોલીસ સ્ટેશન કંટ્રોલ રૂમમાં જાણ કરવામાં આવતાં કેશોદ પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સપેક્ટર બી. બી. કોળી પોલીસ હેડ કોન્સ્ટેબલ કિરણભાઈ જીવાભાઈ ડાભી. સંજયસિંહ કૃષ્ણસિંહ ઝાલા. રોહિતભાઈ મોહનભાઈ ભંભાણા સહિત પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી પ્રાથમિક તપાસ હાથ ધરી હતી જેમાં મૃતક મહિલા અન્નપૂર્ણાબા જીતેન્દ્રસિંહ રાયજાદા (ઉ.વ.૪૦)નાં માવતર ચાપાબેરાજા જામનગર ખાતે રહે છે અને મૃતકના પરિવારમાં એક પુત્ર (ઉ.વ.૧૮) અને એક પુત્રી (ઉ.વ.૧૭) હોવાનું જાણવા મળ્યું છે. કેશોદ પોલીસ દ્વારા મૃતદેહને ખાનગી એમ્બ્યુલન્સ મારફતે કેશોદ સબ ડિસ્ટ્રીકટ સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યા હતાં. કેશોદ પોલીસ દ્વારા મૃતક મહિલાનાં નાના ભાઈ વિરેન્દ્રસિંહ નટુભા જાડેજાએ નોંધાવેલ ફરિયાદ મુજબ અન્નપૂર્ણાબાનાં લગ્ન વર્ષ ૨૦૦૩માં કોયલાણા મુકામે જીતેન્દ્રસિંહ ઉદુભા રાયજાદા સાથે થયેલા હતાં. મૃતક મહિલા અન્નપૂર્ણાબા જીતેન્દ્રસિંહ રાયજાદા માવતરે આવતાં જતાં ત્યારે જણાવતાં હતાં કે પોતાનો પતિ દારૂ પીને વગર કારણે અવારનવાર મારામારી કરતાં ઉપરાંત શંકા કુશંકા કરી માર મારી ઘરેથી કાઢી મુકતાં હતાં. મૃતક મહિલાનાં ભાઈઓ આવી સમજાવી સમાધાન કરી પરત સાસરે મુકી જતાં હતાં અને મૃતક મહિલા અન્નપૂર્ણાબા જીતેન્દ્રસિંહ રાયજાદા મુંગા મોઢે સહન કરતાં હોય અને આર્થિક સંકડામણ ઉભી થાય તો માવતરેથી પૈસા મંગાવી ઘરસંસાર ચલાવી રહ્યાં હતાં. થોડા દિવસો પહેલાં ફરિયાદીનાં ઘરે મકાનનું વાસ્તુ હોય ત્યારે મૃતક મહિલા અન્નપૂર્ણાબા ભાણો પુષ્પરાજ, ભાણી મયુરીબા ગયેલા ત્યારે પણ આરોપી જીતેન્દ્રસિંહ ઉદુભા રાયજાદા શંકાઓ કરી મારઝૂડ કરતો હોવાની વાત કરી હતી છતાં પણ માવતરના લોકોએ સમજાવીને મોકલી આપી હતી. ગઈકાલે સાંજના સમયે બનાવ બન્યા બાદ મૃતક મહિલા અન્નપૂર્ણાબાનાં પતિએ જ ફોન કરી તેમનાં સાળાને જાણ કરી કહ્યું હતું કે તમારી બહેનને મેં મારી નાખેલ છે મૃતક મહિલા અન્નપૂર્ણાબાનાં બન્ને ભાઈઓ અને પરિવારજનો કેશોદ સબ ડિસ્ટ્રીકટ સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચી પોતાના બહેનનો મૃતદેહ નિહાળી ભાંગી પડ્યા હતાં અને સમગ્ર હકીકત કેશોદ પોલીસ વિભાગનાં ડીવાયએસપી બી. સી. ઠક્કર પોલીસ ઈન્સપેક્ટર બી. બી. કોળીને જણાવી પોતાના જ બનેવી જીતેન્દ્રસિંહ ઉદુભા રાયજાદા વિરુદ્ધ ક્રુર અને ઘાતકી રીતે મરણતોલ માર મારી સ્થળ પર જ મોત નીપજાવેલ છે જે બાબતે ફરિયાદ નોંધાવતા કેશોદ પોલીસ દ્વારા આઈપીસી એકટ ૩૦૨ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને પોતાની જ પત્નીની હત્યા કરનાર પતિને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## ભેંસાણ પંથકમાં કુટુંબી સગાનું કાળુ કરતુત ૯ વર્ષની બાળકી ઉપર દુષ્કર્મ આચર્યું, ધરપકડ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૪

જૂનાગઢ નજીકના ભેસાણમાં એક કુટુંબી સગાએ હેવાન બનીને ૯ વર્ષની બાળકીને મોં ઉપર મુંગો દઈ દુષ્કર્મ આચરી ધમકી આપી હોવાની ફરિયાદ ભોગબનનાર બાળકીની માતાએ નોંધાવતા પોલીસે તાત્કાલિક તપાસ હાથ ધરીને ત્વરિત નરાધમની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ભેસાણ તાલુકામાં રહેતા એક પરિવારની ૯ વર્ષની દીકરી તા.૧૦નાં રોજ સાંજના સમયે પોતાના ઘરે એકલી હતી અને તેના માતા-પિતા બાજુમાં પાડોશીને ત્યાં બેસવા ગયા હતા. ત્યારે પાછળથી આ પરિવારનો તેના જ ગામમાં રહેતો કુટુંબી સગો તેમનાં ઘરે આવ્યો હતો. અને દીકરીની એકલી જોઈને આ ઈસમે બાળકી સાથે બળજબરી કરી હતી. જેને લઈને સગીરા બૂમ પાડે નહિ તે માટે આ શખ્સે તેના મોં ઉપર મુંગો દઈને દુષ્કર્મ આચર્યું હતું અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેનાથી બાળકી ડરી ગઈ હતી. અને ગુમસુમ થઈ ગઈ હતી. દીકરી કંઈ બોલતી ન હોવાથી તેની માતાએ પૂછતા દીકરી ભાંગી પડી હતી. અને તેના કુટુંબી સગાએ આચરેલી હેવાનિયતથી વાકેફ કરતા પરિવારના પગ નીચેથી ધરતી સરકી ગઈ હતી. આથી બાળકીની માતા સહિતનાં પરિવારજનો ભેસાણ પોલીસ સ્ટેશન ઉપર પહોંચ્યા હતા. અને દીકરી ઉપર થયેલા કુકર્મની વિગતો જણાવતા પોલીસ પણ હચમચી ગઈ હતી. મંગળવારની રાત્રે ૧૧:૩૦ કલાકે ભેસાણના પીએસઆઈ ડી. કે. સરવૈયાએ ભોગબનનાર બાળકીની માતાની ફરિયાદ લઈ આરોપી પોકસો એક્ટની કલમ વગેરે મુજબ ગુનો નોંધીને ધોરણસરની કાર્યવાહી કરી હતી. આ ઘટનાનાં પગલે ડીવાયએસપી હિતેશ ધાંધલીયાએ ભેસાણ ખાતે દોડી જઈને તપાસ અંગે માર્ગદર્શન આપ્યું હતું. દરમ્યાન આ અંગેની તપાસ જૂનાગઢ મહિલા પોલીસ મથકના એચ.પી. ગઢવીને સોંપવામાં આવતા તેઓએ તુરત જ આરોપીની ધરપકડ કરી તેની પૂછપરછ હાથ ધરી હતી. મહિલા પીઆઈ ગઢવીએ જણાવ્યું હતું કે, આરોપીની ઉંમર ૨૨ વર્ષની છે. તેનું અને ભોગ બનનાર દીકરીનું મેડિકલ કરાવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

## જૂનાગઢમાં જુગાર દરોડો : છ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૪

જૂનાગઢ બી ડીવીઝન પોલીસે ચોક્કસ બાતમીના આધારે જોષીપરા, શાંતેશ્વર, ઓઘડનગર, શેરી નં-૬માં જાહેરમાં જુગાર રમતા અશોકભાઈ ખોડાભાઈ સાગઠીયા, કાંતીભાઈ જીવાભાઈ સોંદરવા, ગુણવંતભાઈ સોમાભાઈ પરમાર, જેન્તીભાઈ નારણભાઈ રાઠોડ, ભવાનભાઈ મોતીભાઈ મકવાણા અને બહાદુરભાઈ લખમણભાઈ રાઠોડને રૂા.૭૨૧૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ છે. જયારે એક અન્ય જુગાર અંગેના દરોડામાં ચોરવાડ પોલીસે ચોરવાડ ગામ હાલાવાવમાં જાહેરમાં જુગાર રમતા પાંચ શખ્સોને રૂા.૫૫,૯૫૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ ત્રણ શખ્સો નાસી છુટયા હોય કુલ આઠ શખ્સો સામે જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે. આમ બંને દરોડામાં ઝડપાયેલા સામે પોલીસે જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

### જૂનાગઢ ખાતે માટીમાંથી ગણપતિ દાદા બનાવવાનાં વર્કશોપનું આયોજન

જૂનાગઢ તા.૧૪

શ્રી સમસ્ત બ્રહ્મ યુવા ટ્રસ્ટ મહિલા પાંખ દ્વારા માટીમાંથી ગણપતિ દાદા બનાવવાના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રકૃતિને થતી હાનીને અટકાવવાના પ્રયાસરૂપે આ આયોજન થયું છે.

## કેશોદ તાલુકા પંચાયતના પ્રમુખ ઉપપ્રમુખની વરણી



(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૧૪

કેશોદ તાલુકા પંચાયત કચેરી ખાતે આજરોજ પ્રાંત અધિકારી કિશન ગરચરની અધ્યક્ષતામાં તાલુકા પંચાયતના ચુંટાયેલા સભ્યોની ખાસ સાધારણ સભા જીલ્લા વિકાસ અધિકારીનાં આદેશ મુજબ મળી હતી જેમાં વહીવટી તંત્રનાં તાલુકા વિકાસ અધિકારી આર. એમ. ત્રિવેદી, નાયબ મામલતદાર રોહિતભાઈ ડાભી, આસીસ્ટન્ટ તાલુકા વિકાસ અધિકારી ધર્મેન્દ્રભાઈ પંડ્યા જેમાં આવનારાં અઢી વર્ષ માટે સામાન્ય મહિલા પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી કરવામાં આવનાર હોય ત્યારે સતાધારી પક્ષ ભાજપ દ્વારા પ્રમુખ તરીકે માલતીબેન ભનુભાઈ ઓડેદરા અને ઉપપ્રમુખ તરીકે જયતાભાઈ જીવાભાઈ સિસોદિયાનાં નામ જાહેર કર્યા હતાં જેઓના ઉમેદવારી ફોર્મ રજૂ કરવામાં આવ્યા બાદ અન્ય ફોર્મ સમયમર્યાદામાં રજુ કરવામાં ન આવતાં સર્વાનુમતે વરણી કરવામાં આવેલ છે. કેશોદ તાલુકા પંચાયતમાં કુલ અઢાર બેઠકોમા સતાધારી પક્ષ ભાજપના બાર સભ્યોમાથી અગીયાર સભ્યો અને છ સભ્યોમાથી ત્રાણ સભ્યો ખાસ સાધારણ સભામાં હાજર રહ્યાં હતાં. કેશોદ તાલુકા પંચાયત કચેરી ખાતે સવારથી જ સતાધારી પક્ષના હોદ્દેદારો આગેવાનો અને કાર્યકરો શુભેચ્છાઓ આપવા ઉપસ્થિત થયાં હતાં. કેશોદના મુખ્ય માર્ગો પર નવા વરાયેલા પ્રમુખ ઉપપ્રમુખનું સરઘસ કાઢવામાં આવ્યું હતું. કેશોદના ચાર ચોક ખાતે ડૉકટર બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને હારતોરા કરી પુષ્પાંજલિ આપી હતી. કેશોદ તાલુકા પંચાયતના નવાં વરાયેલા પ્રમુખ માલતીબેન ભનુભાઈ ઓડેદરાનાં પરિવારજનો પંચાળા ગ્રામ પંચાયતના સરપંચ અને એક ટર્મ ઉપસરપંચ રહી ચુક્યા છે અને વિકાસલક્ષી કામો કરી જબ્બર લોક્ચાહના મેળવી છે. ભારતીય જનતા પાર્ટી સાથે છેલ્લાં પચ્ચીસેક વર્ષથી નિષ્ઠાપૂર્વક જોડાયેલા ભનુભાઈ ઓડેદરાની પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા પસંદગી કરવામાં આવતાં ઘેડ પંથકમાં ખુશી વ્યાપી ગઈ છે. કેશોદ મેર સમાજના અગ્રણીઓ રામભાઈ કેશવાલા, ચિરાગભાઈ સુત્રેજા, વિરમભાઈ ઓડેદરા સહિત ઉપસ્થિત રહીને નવનિયુક્ત કેશોદ તાલુકા પંચાયત પ્રમુખ માલતીબેન ભનુભાઈ ઓડેદરાને શુભેચ્છાઓ આપી હતી. કેશોદ પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સપેકટર ડી. એચ. વાળા પોલીસ હેડ કોન્સ્ટેબલ કિરણભાઈ ડાભી, દિલીપભાઈ મોરી, દેવાભાઈ ભારાઈ, યશવંતસિહ યાદવ, મનહરસિહ દયાતર દ્વારા પુરતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.


## જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી સંબંધિતોને જાણ કરવામાં આવે છે કે, અમારી નાની બહેન ભારતીબેન માધવરાય ભટ્ટનો દિકરો હિમાંશુ માધવરાય ભટ્ટ કોઈના કહ્યામાં નથી જેથી ભવિષ્યમાં એના દ્વારા કોઈ હરકત કે નાણાંકીય જવાબદારીમાંથી અમારા પરિવારને કોઈ લેવા દેવા રહેતી નથી. જેની લાગતા વળગતા સંબંધિતોએ નોંધ લેવી.

લી.

રાજેશ નૌતમલાલ પુરોહિત

શરદ નૌતમલાલ પુરોહિત

મીલન અશોકભાઈ પુરોહિત

તથા પુરોહિત પરીવાર



## જાહેર નોટીસ

કેસ નં. જન્મ-મરણ/૧૫/૨૦૨૩

શ્રી ફુલાભાઈ કરમશીભાઈ ઉસદડ
રહે. ભેસાણ ઠે. હરીપરા પ્લોટ,
તા. ભેસાણ જી. જૂનાગઢ
મો. ૯૩૨૭૨ ૩૭૩૬૮ .... વાદી

વિરૂધ્ધ

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી
ગ્રામ પંચાયત કચેરી, ભેસાણ,
તા. ભેસાણ, જી. જૂનાગઢ ... પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ ૧૯૬૯ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી ફુલાભાઈ કરમશીભાઈ ઉસદડ તેમનો જન્મ તા.૧૫-૦૫-૧૯૬૦ના રોજ ગામ ભેસાણ તા. ભેસાણ, જી. જૂનાગઢ મુકામે થયેલ પરંતુ તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની જન્મ નોંધ ગ્રામ પંચાયત કચેરી ભેસાણ, તા. ભેસાણ, જી. જૂનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ ૨૮મી માહે : ઓગષ્ટ, ૨૦૨૩ના રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા

સહીઅવાચ્ય
મામલતદાર અને
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ભેસાણ

